RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪


● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૩    શનિવાર, તા.૨૭-૦૪-૨૦૨૪    અંક : ૨૬૭ વર્ષ : ૧૮    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# કાળઝાળ ગરમી વચ્ચે રાજકીય ગરમાવો

## રાજ્યની ૨૫ બેઠક પર ૯ દિવસ પછી મતદાન : મોદી આવી રહ્યા છે, અમિત શાહ, પ્રિયંકા આવી પહોચ્યા : રાહુલ પણ આવશે

ભાવનગર,
૭મી મેએ ત્રીજા તબક્કાની સાથે ગુજરાતની ૨૫ બેઠક પર મતદાન યોજાવાનું છે ત્યારે હવે મતદારોને રીઝવવાના માત્ર નવ દિવસ બાકી રહ્યા છે. સુરત બેઠક બિન હરીફ થતા ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ વધી ગયો છે. પરંતુ બીજા તબક્કામાં અન્ય રાજ્યોમાં કાળઝાળ ગરમીને કારણે મતદાન ઓછુ રહેતા નેતાઓને ચિંતા વધી છે. પ્રચારના અંતિમ સાત દિવસ દરમિયાન વડાપ્રધાન મોદી પણ ગુજરાત આવી રહ્યા છે. આજે અમિત શાહ, પ્રિયંકા ગાંધી પણ ગુજરાતમાં છે આમ ખરો રાજકીય માહોલ હવે જામી રહ્યો છે.

## અમિત શાહની આજે ત્રણ સભા



૨૭ એપ્રિલે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ લોકસભા ચૂંટણીના પ્રચાર માટે આવી રહ્યા છે. તેઓ દિવસ દરમિયાન ૩ પ્રચાર સભા કરશે. સવારે પોરબંદર લોકસભા બેઠકમાં આવતા જામકંડોરણામાં, મધ્યાહન બાદ ભરૂચમાં અને બપોરે ગોધરામાં જાહેરસભાને સંબોધન કરશે. આ ઉપરાંત તેઓ વડોદરા શહેરમાં રોડ શો કરશે.

## મારી ભૂલ છે મોદી સામે આક્રોશ શા માટે? જાહેર મંચ પરથી રૂપાલાની ફરી ક્ષત્રિય સમાજને વિનંતી

### સમજણનો નવો સેતુબંધ બાંધવા પ્રયાસ કરીએ, રૂપાલાએ વિનંતી સાથે જણાવ્યું



રાજકોટ,
રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલી વિવાદિત ટિપ્પણી બાદ આજે પણ ક્ષત્રિય સમાજમાં ભારે રોષની લાગણી રાજકોટ સહીત સમગ્ર રાજ્યમાં જોવા મળી રહી છે. વિવાદિત ટિપ્પણી બાદ બે વખત માફી માંગ્યા બાદ જાહેર મંચ ઉપરથી આજે ફરી એક વખત પુરુષોત્તમ રૂપાલાએ વિનંતી સાથે જણાવ્યું હતું કે, મારી ભૂલના કારણે મોદી સાહેબ સામે રોષ ન થવો જોઈએ.

મોદી સાહેબની વિકાસયાત્રામાં અનેક ક્ષત્રિય જોડાયેલા છે. ક્ષત્રિય સમાજે રાષ્ટ્રના ઘડતરમાં મહત્વનો ફાળો આપ્યો છે. સમજણનો નવો સેતુબંધ બાંધવા આપણે સૌ પ્રયાસ કર્યો. રાજકારણ કે હારજીત માટે નહી પરંતુ સમાજ જીવનનો આ પ્રશ્ન છે માટે આ પ્રશ્ન રાજકારણથી દૂર રાખી ક્ષત્રિય સમાજ કોશિશ કરશે તેવી વિનંતી છે.

## પ્રિયંકા ગાંધી વલસાડના ધરમપુરમાં અનંત પટેલ માટે માંગશે મત

ધરમપુર,
કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં પ્રચાર કરશે. લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના કેટલાક નેતા ગુજરાતમાં પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી આજે વલસાડના ધરમપુરમાં કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલના સમર્થનમાં જનસભાને સંબોધિત કરી પ્રચારનો પ્રારંભ કરશે. પ્રિયંકા ગાંધી પાંચ વર્ષ બાદ ગુજરાત આવી રહ્યાં છે. અંતિમ વખત તે માર્ચ ૨૦૧૯માં અમદાવાદ આવ્યા હતા.પ્રિયંકા ગાંધી વલસાડના ધરમપુરમાં જનસભાને સંબોધિત કરશે. પ્રિયંકા ગાંધી વલસાડના કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલ માટે ચૂંટણી પ્રચાર કરશે. વલસાડ બેઠક પર ભાજપે ધવલ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. ગુજરાતમાં વલસાડ તે બેઠકમાં સામેલ છે જેના પર કોંગ્રેસની અત્યારે સારી સ્થિતિ છે.

## હૂતીએ ભારત આવતા ઓઈલ ટેન્કર પર મિસાઈલથી કર્યો હુમલો

### પેલેસ્ટાઈનીઓના સમર્થનમાં વાણિજ્યિક જહાજો પર હુમલો



નવીદિલ્હી,
લાલ સાગરમાં હૂતી વિદ્રોહીઓનો ફરી એક વખત આતંક સામે આવ્યો છે. યમનના હૂતી વિદ્રોહી સંગઠને કહ્યું કે, તેમની મિસાઈલોએ લાલ સાગરમાં એન્ડ્રોમેડા સ્ટાર ઓઈલ ટેન્કરને નિશાન બનાવ્યું છે. વિદ્રોહી સંગઠન અનુસાર,આવું એટલા માટે કર્યું કારણ કે તે ગાઝા યુદ્ધમાં ઈઝરાયેલ સામે લડી રહેલા પેલેસ્ટાઈનીઓના સમર્થનમાં વાણિજ્યિક જહાજો પર હુમલો કરી રહ્યાં છે.

ન્યૂઝ એજન્સી અનુસાર, બ્રિટિશ દરિયાઈ સુરક્ષા ફર્મ એમ્બ્રેએ કહ્યું કે જહાજના માલિકે જહાજના નુકસાન થવાની સૂચના આપી છે. હૂતીના પ્રવક્તા યાહ્યા સારેયાએ કહ્યુ કે આ સરેયાએ કહ્યું કે પનામા-ધ્વજ નામનું શિપ બ્રિટિશ માલિકી ધરાવતું હતું પરંતુ એલએસઈજી ડેટા અને એમ્બ્રેના અનુસાર, શિપિંગ ડેટાથી ખબર પડે છે કે તેને તાજેતરમાં જ વેચવામાં આવ્યું હતું. તેના વર્તમાન માલિક સેશેલ્સ રજિસ્ટર્ડ છે. આ ટેન્કર રશિયા સાથે જોડાયેલા વેપારમાં લાગેલું હતું. એમ્બ્રેએ કહ્યું, આ પ્રિમોર્સ્ક, રશિયાથી વાડિનાર, ભારતના રસ્તામાં હતું. મહત્ત્વપૂર્ણ છે કે ઈરાન-ગઠબધન હૂતી ઉગ્રવાદીઓએ નવેમ્બર પછી લાલ સાગર, એડનની ખાડીમાં વારંવાર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા છે, જેનાથી જહાજોને દક્ષિણ આફ્રિકાની આસપાસ લાંબી અને મોંઘી યાત્રા પર માલ મોકલવા માટે મજબૂર થવું પડ્યું છે અને ઈઝરાયેલમાં ડર ઉભો થઈ ગયો છે. ડર છે કે હમાસનું યુદ્ધ ફેલાઈ શકે છે અને મધ્ય પૂર્વને અસ્થિર કરી શકે છે.

## મણિપુરમાં ઉગ્રવાદીઓના હુમલામાં બે જવાનોનાં મોત



### કુકી ઉગ્રવાદીઓએ હુમલો કર્યો

મણિપુર,
મણિપુરમાં ચાલી રહેલી હિંસા હજુ અટકતી દેખાતી નથી. લોકસભા ચૂંટણીના એક દિવસ બાદ જ કુકી ઉગ્રવાદીઓએ નરસેના વિસ્તારમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ના જવાનો પર હુમલો કર્યાની માહિતી સામે આવી છે. આ હુમલામાં બે જવાનોના મોતના અહેવાલ છે. મણિપુર પોલીસે આ અંગે માહિતી આપતાં કહ્યું કે કુકી ઉગ્રવાદીઓએ મધરાતથી સવારના ૨.૧૫ વાગ્યા સુધી હુમલો કર્યો. હુમલામાં માર્યા ગયેલા સૈનિકો રાજયના બિષ્ણુપુર જિલ્લાના નરસેના વિસ્તારમાં તૈનાત CRPF ની ૧૨૮મી બટાલિયનના હતા.

## દિલ્હીમાં કોંગ્રેસ CECની બેઠક: અમેઠી અને રાયબરેલી બેઠકના ઉમેદવારો વિશે ચર્ચા

### રાહુલ અમેઠીથી અને પ્રિયંકા રાયબરેલીથી ચૂંટણી લડશે તે લગભગ નક્કી

રાયબરેલી,
કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિ (CEC) શનિવારે દિલ્હીમાં બેઠક કરશે. જેમાં યુપીમાં અમેઠી અને રાયબરેલી સિવાય બાકીની લોકસભા સીટો માટેના ઉમેદવારોના નામ પર ચર્ચા કરવામાં આવશે. અમેઠીથી રાહુલ અને રાયબરેલીથી પ્રિયંકાના નામને અંતિમ મહોર લાગી શકે છે. રાહુલ અમેઠીથી અને પ્રિયંકા રાયબરેલીથી ચૂંટણી લડશે તે લગભગ નક્કી છે

કોંગ્રેસે અત્યાર સુધીમાં ૩૧૭ લોકસભા સીટો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. લોકસભા ચૂંટણી માટે પણ બે તબક્કામાં મતદાન થયું છે. આ સાથે ૧૧ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોની તમામ બેઠકો પર પણ મતદાન પૂર્ણ થઈ ગયું છે.

## EVMને બદનામ કરનારા દેશની માફી માગે : મોદી

### સુપ્રીમના નિર્ણય બાદ બિહારના અરરિયામાં પીએમ મોદીના વિપક્ષ પર પ્રહાર

નવીદિલ્હી,
સુપ્રિમ કોર્ટે શુક્રવારે વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ સ્લિપ દ્વારા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન દ્વારા પડેલા મતોની સંપૂર્ણ ચકાસણીની માંગ કરતી તમામ અરજીઓને ફગાવી દીધી હતી. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે ચૂંટણીમાં બેલેટ પેપર પર પાછા જવાની માંગને પણ ફગાવી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અંગે વિપક્ષને આડે હાથ લીધા હતા.

બિહારના અરરિયામાં એક ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, "સુપ્રીમ કોર્ટનો નિર્ણય જ વિપક્ષના મોઢા પર મોટી થપ્પડ છે. હવે મોઢું ઉંચું કરીને જોઈ નહી શકે. આજનો દિવસ લોકતંત્ર માટે શુભ દિવસ, વિજય દિવસ છે. જૂનો યુગ પાછો નહી આવે. INDI ગઠબંધનના દરેક નેતાએ દેશની જનતાની માફી માંગવી જોઈએ." ઈવીએમ અને વીવીપેટ પર સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ૨૬મી એપ્રિલે પીએમ મોદીએ બિહારમાં ચૂંટણી પ્રચાર દરમિયાન વિપક્ષને આડેહાથ લેતાં કહ્યું કે, આજે સુપ્રીમ કોર્ટે જે કહ્યું તેનાથી કેટલાક લોકોના સપના ચકનાચૂર થઈ ગયા છે. સુપ્રીમે સ્પષ્ટ કહી દીધું કે, બેલેટ પેપરનો યુગ પાછો નહી આવે. જે લોકોએ ઈવીએમને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે તેમને સુપ્રીમ કોર્ટે તમાચો માર્યો છે. આજે મતપેટીઓ લૂંટનારાઓને જડબાતોડ જવાબ મળ્યો છે. જ્યારે આખી દુનિયા ભારતની સિસ્ટમના વખાણ કરી રહી છે, ત્યારે આ લોકો હવે અંગત સ્વાર્થના ખરાબ ઈરાદા સાથે ઈવીએમને બદનામ કરવા લાગ્યા હતા.'

## USમાં પોલીસના ગોળીબારમાં ભારતીયનું મોત

### સચિન સાહુ નામની વ્યક્તિએ પોતાના વાહનથી બે પોલીસ અધિકારી પર હુમલો કરી દીધો હતો

સેન એન્ટોનિયો,
અમેરિકાના સેન એન્ટોનિયોમાં અમેરિકન પોલીસ પર ભારતીય મૂળના વ્યક્તિને ગોળી મારવાનો ગંભીર આક્ષેપ મૂકવામાં આવ્યો છે. આ ઘટના ૨૧મી એપ્રિલના દિવસની છે. ૪૨ વર્ષીય સચિન સાહુ નામની વ્યક્તિએ પોતાના વાહનથી બે પોલીસ અધિકારી પર હુમલો કરી દીધો હતો.એક ગંભીર પ્રકારના મામલામાં બે અધિકારી સચિનને પકડવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે જ આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસ ગોળીબારમાં સાહુનું મોત થયું હતું. સાહુ મૂળ રીતે ઉત્તરપ્રદેશનો રહેવાસી હતો. પોલીસ વિભાગના કહેવા મુજબ સાહુએ જાણીજોઈને ૫૧ વર્ષીય મહિલાને એક વાહનથી ટક્કર મારી હતી અને ફરાર થઇ ગયો. ઘાયલ મહિલાને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં આ મહિલાની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે.

## 'સોઢી'ના ગુમ થવા પર અપહરણનો કેસ

### પોલીસે ફોનની ડીટેલ ના કઢાવી તો તેમને ઘણી વિચિત્ર વસ્તુઓ મળી

મુંબઈ,
લોકપ્રિય ટીવી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના સોઢી વિશે સમાચાર આવ્યા હતા કે અભિનેતા ૨૨ એપ્રિલથી ગાયબ છે. હવે પોલીસે આ મામલામાં અપહરણનો ગુનો નોંધ્યો છે. આઈપીસીની કલમ ૩૬૫ હેઠળ એફઆઈઆર પણ નોંધવામાં આવી છે. પોલીસને CCTV ફૂટેજ મળ્યા છે જેમાં અપહરણનો મામલો સામે આવ્યો છે.

૨૫ એપ્રિલે બપોરે ૩ વાગ્યે અભિનેતાના પિતાએ દિલ્હીના પાલમ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસના હાથમાં હવે એક સીસીટીવી છે, જેમાં ગુરચરન સિંહ ત્યાંથી જતો જોવા મળે છે. અભિનેતાનો ફોન પણ ૨૪ એપ્રિલ સુધી કામ કરતો હતો, પરંતુ હવે તે સ્વીચ ઓફ હોવાનું કહેવાય છે. જ્યારે પોલીસે ફોનની ડીટેલ ના કઢાવી તો તેમને ઘણી વિચિત્ર વસ્તુઓ મળી. અહેવાલો અનુસાર, ગુરચરનની માતા લાંબા સમયથી બીમાર છે. તેને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પિતાએ કહ્યું કે હવે તે ઠીક છે અને ઘરે આરામ કરે છે.

## અમેરિકામાં અકસ્માત આણંદની ત્રણ મહિલાઓના થયા મોત

### એટલાન્ટાથી ગ્રીન વેલી સાઉથ કરોલી જતા અકસ્માત સર્જાયો

ગ્રીનવેલી,
અમેરિકામાં થયેલ રોડ અકસ્માતમાં ૩ ગુજરાતી મહિલાઓનાં મોત થતા પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી હતી. ત્યારે ત્રણેય મહિલાઓ આણંદ જીલ્લાનાં બોરસદ તાલુકાની વતની હોવાનું જાણવા મળી રહ્યું છે.

એટલાન્ટાથી ગ્રીન વેલી સાઉથ કરોલી જતા અકસ્માત સર્જાયો હતો. કાર ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. કાર અકસ્માતમાં ત્રણ મહિલા રેખાબેન દિલીપ ભાઈ પટેલ, સંગીતાબેન ભાવેશભાઈ પટેલ, મનિષા બેન રાજેન્દ્રભાઈ પટેલનાં મોત થતા સમાજમાં શોકની લાગણી વ્યાપી જવા પામી હતી.

## નૈનીતાલમાં જંગલમાં ભીષણ આગ : આર્મી બોલાવવી પડી

### આગને કારણે રહેણાંક વિસ્તારો જોખમમાં : નૈની તળાવમાં બોટિંગ પર પ્રતિબંધ

નૈનીતાલ,
ઉત્તરાખંડના જંગલોમાં લાગેલી આગ ચાલુ છે. નૈનીતાલ નજીક નૈનીતાલ ભવાલી રોડ પર પાઈનના જંગલોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં જંગલનો મોટો ભાગ અને આઈટીઆઈ બિલ્ડિંગને અસર થઈ હતી. નૈનીતાલમાં લાદિયાકાંટા વિસ્તારના જંગલમાં પણ આગ લાગી છે. આગના કારણે નૈનીતાલથી ભવાલી સુધીનો રસ્તો ધુમાડાથી ઢંકાઈ ગયો છે. વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ છે.

ભારે પવનના કારણે ફાયર વિભાગની ટીમને આગ પર કાબૂ મેળવવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. નૈનીતાલ નજીક લાદિયાકાંટા ખાતે લાગેલી આગ ભારતીય સેનાના વિસ્તાર સુધી પહોંચી શકે છે, તેને ધ્યાનમાં રાખીને સેનાના જવાનો પણ આગ ઓલવવામાં લાગેલા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આવતીકાલથી વહીવટીતંત્ર હેલિકોપ્ટર દ્વારા નૈનીતાલ અને ભીમતાલ તળાવોમાંથી પાણી લઈને આગ ઓલવવાનો પ્રયાસ કરશે. નૈનીતાલ સહિત કુમાઉના જંગલોમાં આગ લાગી છે.

## આજે ૨૦ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

### પવનની દિશા બદલાઈને દક્ષિણ પશ્ચિમ તરફથી થઈ હોવાને કારણે વરસાદ વરસ્યો

અમદાવાદ,
ગુજરાતના દક્ષિણ ભાગમાં પવન અને દિશા બદલાવાને કારણે વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદના છાંટા વરસ્યા હતા. જોકે હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી ન હતી, કારણ કે છેલ્લા ૨૪ કલાક સુધી ગુજરાત પર આવતા પવનોની દિશા પશ્ચિમ અને ઉત્તર- પશ્ચિમ દિશા તરફથી હતી, પરંતુ પવનની દિશા બદલાઈને દક્ષિણ પશ્ચિમ તરફથી થઈ હોવાને કારણે વરસાદ વરસ્યો હતો. આગામી ૨૪ કલાક માટે હવામાન વિભાગ દ્વારા ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સહિત વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી.



આગામી ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છના દેવભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ, ઉપરાંત ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અરવલ્લી, ખેડા, મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા તથા દક્ષિણ ગુજરાતના નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા અને નગર-હવેલીમાં છૂટાછવાયાં સ્થળો પર હળવો વરસાદ વરસી શકે છે. તદુપરાંત રાજયના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની પણ શક્યતા છે, જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, ખેડા, પંચમહાલ, વડોદરા, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા અને નગર-હવેલીનો સમાવેશ થાય છે.

# ભાજપના NRI પણ કરશે શક્તિ પ્રદર્શન : મોદીના સમર્થનમાં અમદાવાદથી સુરતની કાર રેલી

## ૨૮ એપ્રિલ- રવિવારે સાબરમતી રિવરફ્રન્ટ પરથી લગભગ ૧૦૦ કારને ફ્લેગ ઓફ કરવામાં આવશે

અમદાવાદ,

ગુજરાતીઓ સહિત બિન-નિવાસી ભારતીયો પ્રથમ વખત અમદાવાદથી સુરત સુધીની કાર રેલી માટે તૈયારી કરી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સતત ત્રીજી મુદત માટે સમર્થન આપવા માટે આ રેલીનું આયોજન કરવામાં આવનાર છે.

પ્રદેશ ભાજપ વિદેશ સંપર્ક વિભાગના કન્વીનર દિગંત સોમપુરાએ જણાવ્યું હતું કે ૨૮ એપ્રિલ, રવિવારે સાબરમતી રિવરફ્રન્ટ પરથી લગભગ ૧૦૦ કારને ફ્લેગ ઓફ કરવામાં આવશે. મોદીના સમર્થનમાં કાર રેલીઓ યુએસ, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને આફ્રિકામાં આયોજિત થઈ ચૂકી છે. ભારતના ચૂંટણી પંચે જે દિવસે લોકસભાની ચૂંટણીની જાહેરાત કરી તે દિવસે યુકેમાં ૪૦૦ કાર સાથેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમણે ઉમેર્યું હતું કે, ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપીના સચિવ લંડન સ્થિત દિપક પટેલે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. હવે, તેઓએ ભારતમાં આવી કાર રેલી યોજવાનું નક્કી કર્યું છે અને તે માટે તેઓએ



ગુજરાતની પસંદગી કરી છે, એમ તેમણે જણાવ્યું હતું.

લગભગ ૨૭૦ કિમીને આવરી લેતી આ રેલી નવ લોકસભા મતવિસ્તારોમાંથી પસાર થશે. સોમપુરાએ જણાવ્યું હતું કે રેલી નડિયાદ, આણંદ, વડોદરા અને ભરૂચ શહેરોમાંથી પસાર થશે અને સાંજે સુરતમાં સમાપ્ત થશે. ગુજરાત ભાજપના અધ્યક્ષ સીઆર પાટીલ સહભાગીઓને આવકારશે અને તેમની સાથે ડિનર લેશે. તેમણે ઉમેર્યું હતું કે, "ગુજરાતીઓ ઉપરાંત રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને પંજાબના NRIs કાર રેલીમાં ભાગ લેશે." ભૂતકાળમાં, અન્ય દેશોમાં સ્થાયી થયેલા ગુજરાતીઓએ રાજ્યમાં વિધાનસભા અને સામાન્ય ચૂંટણીઓમાં ભાજપ તેમજ અન્ય મુખ્ય પક્ષો માટે સક્રિયપણે પ્રચાર કર્યો છે. આ વખતે, જયારે ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઑફ BJP) જેવી સંસ્થાઓ સાથે જોડાયેલા જૂથો વિકાસલક્ષી પહેલોમાં સાતત્યની હિમાયત કરે છે, અન્ય લોકો મતદારોને વધુ સારા માટે પરિવર્તન લાવવાનું કહી રહ્યા છે.

# સુરતમાં ભાજપની બિનહરીફ જીતનો મામલો સુપ્રીમ કોર્ટમાં

સુરત,

સુરતમાં ભાજપ ઉમેદવારની નિર્વિરોધ જીત જેવી બનતી ઘટનાઓ મામલે મોટા સમાચાર આવ્યા છે. આવી સ્થિતિથી બચવા માટે નોટાને ઉમેદવાર માનવાની અને નિર્વિરોધ ચૂંટણી થવાથી રોકવાવાળી અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ છે. જેના પર સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો છે. મોટિનેશનલ સ્પીકર શિવ ખેરાએ સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી છે. જેમાં માંગ કરવામાં આવી છે કે, નોટાને ઉમેદવાર માનવામાં આવે અને નોટાને સામેના ઉમેદવાર કરતા વધુ વોટ મળે તો ત્યાં ફરીથી ચૂંટણી કરવામાં આવે. આ સુનાવણી દરમિયાન સુરતનો ઉલ્લેખ કરવામાં આવ્યો. વકીલે કહ્યું કે, જો ત્યાં આવી વ્યવસ્થા હોત તો ત્યાં નિર્વિરોધ ચૂંટણી જીતવાની નોબત ન આવી હોત.

નોટા સંબંધિત અરજી પર સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નોટિસ પાઠવી છે. જાણીતા મોટિવેશનલ સ્પીકર શિવ ખેરા દ્વારા પિટિશન દાખલ કરવામાં આવી છે. જેમાં કમિશનને નિર્દેશ આપવા માંગ કરવામાં આવી છે કે જો નોટા (ઉપર ન હોય) ને કોઈપણ ઉમેદવાર કરતા વધુ મત મળે છે, તો તે બેઠક પર યોજાયેલી ચૂંટણી રદ કરવામાં કેવી રીતે આવે. સાથે નવી નવી ઉમેદવારી નોંધાવવામાં આવે. પણ સુરતમાં ચૂંટણી યોજવી જોઈએ.

આ અરજીમાં એવો નિયમ બનાવવાની પણ માંગ કરવામાં આવી છે કે જે ઉમેદવારો NOTA દ્વારા ઓછા મત મેળવે છે તેમના પર ૫ વર્ષ સુધી તમામ ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. ઉપરાંત, નોટાને કાલ્પનિક ઉમેદવાર તરીકે જોવું જોઈએ.સીજેઆઇ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ શુક્રવારે શિવ ખેરાની અરજી પર સુનાવણી કરવા સહમત થઈ છે.

# કોંગ્રેસે સસ્પેન્ડ કર્યા અને કુંભાણી ૬ દિવસ બાદ અચાનક સામે આવ્યા

## હું તો હાઈકોર્ટમાં જવા માગતો હતો, પણ કોંગી નેતાઓએ સાથ ન આપ્યો, હું કોંગ્રેસ સાથે છું અને સાથે રહીશ

સુરત

સુરત લોકસભા સીટના ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મ સામે ભાજપના ચૂંટણી એજન્ટ દિનેશ જોધાણીએ ચૂંટણી અધિકારી સમક્ષ ટેકેદારોની સહી ખોટી હોવાની ફરિયાદ કરી હતી. ત્યાર બાદ ૨૦ એપ્રિલના સવારના ૧૦ વાગ્યાથી રાજકીય ડ્રામા શરૂ થયો હતો. ૨૧મીએ સવારે કલેક્ટર ઓફિસમાં સુનાવણી થઈ હતી અને અંતે ચૂંટણીપંચે નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરી દીધું હતું. ત્યાર બાદ ચૂંટણી અધિકારીએ ભાજપના મુકેશ દલાલને બિનહરીફ જાહેર કર્યા હતા તેમજ કુંભાણી જયારથી ફોર્મ રદ થયું ત્યારથી ગાયબ હતા, પરંતુ ૬ દિવસ બાદ શુક્રવારે અચાનક તેઓ સામે આવ્યા છે અને ૫ મિનિટ ૧૫ સેકન્ડના વીડિયો દ્વારા તેમણે મેસેજ આપ્યો છે. તેમણે કહ્યું છે કે હું તો હાઈકોર્ટમાં જવા માગતો હતો, પણ કોંગી નેતાઓએ સાથ ન આપ્યો. હું કોંગ્રેસ સાથે છું અને સાથે રહીશ. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે આજે સવારે જ કુંભાણીને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.

# આપના પૂર્વ નેતા અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયા ભાજપમાં

અમદાવાદ,

પાટીદાર અનામત આંદોલન (પાસ) થી લોકચાહના મેળવ્યા બાદ નાટકીય ઢબે આમ આદમી પાર્ટીમાં જોડાનાર પાટીદાર નેતાઓ વિધિવત રીતે ભાજપમાં જોડાશે. થોડા સમય પહેલા અલ્પેશ





કથિરીયા તેમજ ધાર્મિક માલવિયા દ્વારા થોડા સમય પહેલા જ આમ આદમી પાર્ટીમાંથી નાટકીય ઢબે રાજીનામું આપ્યું હતું. જે બાદ આવતીકાલે તેઓ નાટકીય ઢબે ભાજપમાં જોડાવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવતા રાજકારણમાં ભૂકંપ આવી જવા પામ્યો હતો.

સુરત આમ આદમી પાર્ટીનાં કદાવર નેતા અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવીયા આમ આદમી પાર્ટીમાં જોડાયા બાદ બંને આપનાં બેનર પર વિધાનસભા ચૂંટણીમાં પણ ઝંડલાવ્યું હતું. પરંતુ ત્યારે બાદ એકાએક ૧૮ એપ્રિલ નાં રોજ બંને નેતાઓ દ્વારા આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી દેતા અનેક તર્ક વીતર્કો સર્જાયા હતા. ત્યારે આવતીકાલે ૨૦૦ જેટલા પાટીદાર આગેવાનો સાથે ભાજપમાં જોડાશે. આદ આદમી પાર્ટીનાં બેનર હેઠળ વિધાનસભાની ચૂંટણી હાર્યા બાદ અલ્પેશ તેમજ ધાર્મિક દ્વારા રાજકીય કાર્યક્રમોથી દૂર રહેવાનું પસંદ કર્યું હતું.

# અંકલેશ્વર રેલવે સ્ટેશન પરથી રૂ.૨૭ લાખ સાથે વેપારીની અટકાયત

ભરૂચ,

ભરૂચ રેલ્વે પોલીસે ચેકીંગ દરમિયાન દાહોદના એક વ્યક્તિને રૂપિયા ૨૭ લાખની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યો હતો.પોલીસે વેપારીની અયકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે

ભરૂચ રેલ્વે પોલીસે ચૂંટણીઓને ધ્યાનમાં રાખી પ્લેટફોર્મ અને ટ્રેનમાં કડક ચેકીંગ હાથ ધર્યું હતું.જેમાં પોલીસકર્મીઓ અંકલેશ્વર રેલ્વે પ્લેટફોર્મ પર ચેકીંગમાં હાજર હતા તે સમયે હરિદ્વાર વલસાડ ટ્રેનમાંથી ઉતરેલા એક ઈસમ પર શંકા જતા તેને રોકી તેની બેગની તલાસી લેતા તેમાંથી રૂપિયા જોઈને પોલીસ ચોંકી ઉઠી હતી.પોલીસે તેને ભરૂચ પોલીસ મથક પર લાવી તપાસ કરતા તેની પાસેથી રોકડાં રૂપિયા ૨૭ લાખ મળી આવ્યા હતા.પોલીસે તેનું નામ પૂછતાં તે દાહોદની ઝૂલેલાલ સોસાયટીમાં રહેતો યોગેશ પ્રીતમાણી હોવાનું જણાવ્યું હતું. જ્યારે તે આ રૂપિયા અંકલેશ્વરના વેપારીને આપવા માટે લાવ્યો હતો.

# એટીએસ ટીમે ગેરકાયદે હથિયાર વેચનારા ૬ આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લીધા

## ૨૫ પિસ્ટલ અને ૯૦ જીવતા કાર્ટુસ જપ્ત કરવામાં આવ્યા

અમદાવાદ,

ગેરકાયદે હથિયાર મામલે ગુજરાત ATSની મહત્ત્વની કાર્યવાહી કરી છે. ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસની ટીમે આરોપીઓ પાસેથી ૨૫ હથિયાર (પિસ્ટલ) અને ૯૦ જીવતા કાર્ટુસ જપ્ત કરવામાં આવ્યા છે.

ગુજરાત એટીએસની ટીમને મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી છે. આરોપીઓ ટ્રાવેલ્સના માધ્યમથી હથિયારોની હેરાફેરી કરતા હતા. આરોપીઓ અન્ય રાજ્યમાંથી હથિયાર લાવીને ગુજરાતમાં તેનું વેચાણ કરતા હતા. આ ગુનાનો મુખ્ય આરોપી શિવમ ટ્રાવેલનો ધંધો કરે છે. શિવમ ગુજરાતમાં હથિયારો લાવીને અન્ય આરોપીઓને આપતો હતો. અન્ય આરોપી કમિશન લઈ આગળ વેચતા હતા.

ATS દ્વારા હથિયાર તસ્કરીના ગુનામાં શિવમ ડામોર, પ્રવિણ શ્રીવાસ, સંજય મેર, રાજુ સરવૈયા, વિપુલ સાનિયા અને મનોજ ચૌહાણની ધરપકડ કરી છે. મુખ્ય સૂત્રધાર મનાતો શિવમ ડામોર મધ્યપ્રદેશથી ટ્રાવેલ્સમાં હથિયાર લઈને આવતો હતો. મધ્યપ્રદેશથી જામખંભાણીયા સુધી ટ્રાવેલ્સની હેરાફેરી દરમ્યાન હથિયારનું વેચાણ થતું હતું. શિવમની નારોલ વિસ્તારમાંથી ધરપકડ કર્યા બાદ તેની પૂછપરછમાં છેલ્લા ૩ મહિનામાં અલગ અલગ વિસ્તારોમાં રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગરમાં હથિયારોનું વેચાણ કર્યું હતું. એ પછીથી પોલીસે રેડ કરી તમામ હથિયારો કબજે લીધા છે.

# હવે ધોરણ ૧ ૨ સાયન્સના વિદ્યાર્થીઓને વર્ષ નહીં બગડે



ગાંધીનગર,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની જેટલા વિષયની રી એક્ઝામ આપવી હોય તે વિદ્યાર્થી આપી શકશે. અહીં વિદ્યાર્થીઓ આખે આખી પરીક્ષા એટલે કે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપી શકશે. ત્યારબાદ બન્ને વખતની પરીક્ષાના પરિણામમાં જે પરિણામ ઊંચુ હશે તે ધ્યાને લેવાશે.

# જજને બરતરફ કરવાનો ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો અનામત રહ્યો

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એક જજને બરતરફ કરવા અંગેનો પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે જે કથિત રીતે અન્ય બે ન્યાયાધીશોના રાજીનામા પત્રો બનાવટમાં સામેલ છે. આ કેસમાં સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસનો સમાવેશ થાય છે, જેઓ સુરેન્દ્રનગર જિલ્લાની લીંબડી કોર્ટમાં પોસ્ટેડ હતા, જયાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશને સપ્ટેમ્બર ૨૦૨૧માં બે ન્યાયાધીશો તરફથી રાજીનામું પત્રો મળ્યા હતા.

એક જજ વધારાના સેશન્સ જજ હતા અને બીજા જેએમએફસી હતા. મુખ્ય જિલ્લા ન્યાયાધીશે જયારે રાજીનામાના પત્રો લખ્યા નથી અને સબમિટ કર્યા નથી તે અંગે પૂછપરછ કરતા બંને ન્યાયાધીશો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

જ્યારે એક ન્યાયાધીશે લીંબડી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી હતી, જયારે બીજી ફરિયાદ સુરેન્દ્રનગરના એ ડિવિઝન શહેર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. બંને FIR અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે સિવિલ જજ કથિત રીતે બે ન્યાયાધીશોના રાજીનામા પત્રો બનાવટી બનાવવામાં સામેલ હતા. ન્યાયાધીશે અસફળપણે આગોતરા જામીન માટે HCનો સંપર્ક કર્યો હતો કારણ કે કોપ્સને ગુસ્સો હતો કારણ કે ન્યાયાધીશે ન્યાયિક ફરજના ભાગ રૂપે સંબંધિત પોલીસ સત્તાવાળાઓને નોટિસ જારી કરી હતી.

# ગાંધીનગરમાં ફ્લેટમાં લાગેલી આગમાં વૃદ્ધાનું મોત

ગાંધીનગર,

ઉનાળો આવ્યો નથી કે ઘરોમાં એસીના શોર્ટસર્કિટ થવાના બનાવ બનવા લાગ્યા નથી. ગાંધીનગરમાં સરગાસણ ચોકડીમાં વાસણા હડમતિયા ખાતે આવેલા સાર્થક ફ્લેટના ચોથા માળે આવેલા મકાનના એસીમાં શોર્ટસર્કિટ થવાના લીધે ભીષણ આગ લાગી હતી. આ આગમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના મહિલા પ્રોફેસર અને તેમના માતા જેમતેમ કરીને ફ્લેટની બહાર નીકળી ગયા હતા. પણ પછી પ્રોફેસરની માતાનું ગૂંગળામણના લીધે મોત થયું હતું.

આ બનાવના પગલે ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તેણે ફ્લેટમાં પહોંચીને ત્યાં રહેતા વસાહતીઓને સલામત સ્થળે ખસેડ્યા હતા અને ભારે જહેમત પછી ફ્લેટમાં લાગેલી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. રાયસણ સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં ઈકોનોમિક પ્રોફેસર તરીકે ફરજ બજાવતાડ . રનિતાબેન હીરાલાલ સાગર સરગાસણમાં વાસણા હડમતિયામાં આવેલા સાર્થક રેસિડેન્સીના ચોથા માળે આવેલા ફ્લેટમાં રહે છે.

# વડોદરામાં ટેન્કર અને આઈસર વચ્ચે જીવલેણ અકસ્માત સર્જાતા બેના મોત

વડોદરા,

વડોદરામાં સાકરદા ગામ નજીક મોક્ષી રોડ પર બાબરી પ્રસંગે પરિવારને લઈને જઈ રહેલી આઈસર ટ્રક અને સિમેન્ટ ભરેલા ટ્નેકર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બેથી વધુ લોકોના મોત નીપજ્યા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે અન્ય ૨૫ જણાને નાની મોટી ઈજા થતા તેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બનાવમાં મૃત્યુઆંક વધે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

આ બનાવની વિગત મુજબ છોકરાના બાબરી પ્રસંગે ૫૦ જેટલા પરિવારજનો આઈસર ટ્રકમાં જઈ રહ્યા હતા. દરમિયાન સાકરદા અને મોક્સી ગામની વચ્ચે આઈસર અને સિમેન્ટ ભરેલા ટેક્કર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે જણા મોતને ભેટ્યા હોવાનું કહેવાય છે. જ્યારે અન્ય ૨૫ જમાને નાની મોટી ઈજા થતા તેમને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બનાવની જાણ થતા મોક્ષી ગામના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી ગયા હતા. બાદમાં મોટી સંખ્યામાં લોકો ઈજાગ્રસ્ત થયા હોવાથી ૧૦ થી ૧૨ એમ્બ્યુલન્સમાં સારવાર હેઠલ નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ગમખ્વાર અકસ્માતના આ બનાવને પગલે બાબરીની વિધી માટે જઈ રહેલા કુટુંબીજનોનો ઉત્સાહ માતમમાં ફેરવાઈ ગયો હતો. અકસ્માતના સ્થળે ઈજાગ્રસ્તો લોહીલુહાણ હાલતમાં પડેલા નજરે ચડ્યા હતા. સ્થાનિક લોકોએ તેમને હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી માનવતા દાખવી હતી. બનાવ અંગે જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી.

# કાંકરીયા તળાવમાં બંધ થયેલ વોટર એક્ટિવિટી શરૂ : એક જ દિવસમાં નિર્ણય બદલાયો

અમદાવાદ,

કાંકરીયા તળાવમાં હાઈકોર્ટના આદેશ બાદ તમામ વોટર એક્ટિવિટી બંધ કરવામાં આવી હતી. પરંતુ ૨૪ કલાકની કાંકરીયા તળાવમાં બોટિંગની શરૂઆત કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી. વડોદરા હરણીકાંડના બનાવના પગલે હાઈકોર્ટે તકેદારીના ભાગરૂપે બોટિંગ એક્ટિવિટી બંધ કરવાનો નિર્ણય આપ્યો હતો અને જ્યાં સુધી નવો કરાર ના થાય ત્યાં સુધી બોટિંગ સુવિધા બંધ કરી હતી. પરંતુ નવો કરાર થતા જ કાંકરીયા તળાવમાં તમામ વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટીની આજથી જ શરૂઆત થઈ ગઈ છે.

મહત્વનું છે કે અત્યારે શાળાઓમાં રજાનો માહોલ છે. ત્યારે શહેરના લોકપ્રિય કાંકરીયા સ્થાન પર મુલાકાતીઓને ભારે ધસારો રહે છે. શાળાની રજાઓમાં બાળકોની મનપસંદ વોટર એક્ટિવિટી બંધ થતા તાત્કાલિક નવા કરાર કરવામાં આવ્યા. જેથી વેકેશનના માહોલમાં કાંકરીયાને નુકસાનીનો સામનો ના કરવો પડે. જણાવી દઈએ કે અમદાવાદમાં ફરવા માટેના પસંદગીના સ્થાનોમાં કાંકરીયાનો સમાવેશ થાય છે. કાંકરીયામાં કુલ ૭ પ્રવેશ દ્વાર છે. છતાં પણ પ્રવેશ માટે લાંબી લાઈનો રહે છે.

આ બાબતને ધ્યાનમાં રાખી છસ્ઝએ મોટો નિર્ણય લીધો છે. કાંકરીયામાં મુલાકાતીઓની સુવિધામાં વધારો કરતા ઓનલાઈન વેબસાઈટ અને મોબાઈલ એપ શરૂ કરી. જેમાં ટિકિટબારીની લાઈનમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ મેળવતા ઓનલાઈન બુકિંગ સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.

# ૪૧ વર્ષ જૂના કેસમાં દાઉદ અને તેના સાથીદારો નિર્દોષ જાહેર

## દાઉદ અને તેના સાથીદારો પાસેથી હથીયારો અને કારતુસો મળી આવ્યા હતા

વડોદરા,

દેશનો મોસ્ટ વોન્ટેડ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અને તેના સાગરીતો સામે ૪૧ વર્ષ પહેલા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમા ગુજરાત પોલીસ સહિતની તપાસ એજન્સીઓની બેદરકારીના કારણે દાઉદ અને તેના સાગરીતોનો નિર્દોષ છુટકારો થયો છે.

૧૧ જુન ૧૯૮૩ના રોજ વડોદરા નજીક નેશનલ હાઇ વે ઉપર હોન્ડા સિટી કારમાં દાઉદ ઈબ્રાહિમ, હાજી ઈસ્માઈલ સુબાનીયા, અલી અબ્દુલ્લા અંતુલે અને ઈબ્રાહીમ મહંમદભાઈ પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન હાજી સુબાનીયા પાસેની રિવોલ્વરમાંથી અકસ્માતે ગોળી છુટી અને તે ગોળી દાઉદ ઈબ્રાહીમના ગળાના ભાગે વાગી હતી. જેથી દાઉદને સારવાર માટે તુરંત વડોદરામાં એસએસજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.દાઉદ તેના સાગરીતો સાથે વડોદરા નજીકથી કારમાં પસાર થઇ રહ્યો હતો ત્યારે એક સાગરીતની રિવોલ્વોરમાંથી છૂટેલી ગોળીથી દાઉદ ઘવાયો હતો

આ બાબતની જાણ થતાં જ પોલીસ એસએસજી હોસ્પિટલમાં પહોંચી હતી અને તપાસ દરમિયાન દાઉદ અને તેના સાગરીતો પાસેથી ચાઇના અને ઇટલીની બનાવટની ૩ રિવોલ્વર અને બે પિસ્તોલ મળીને પાંચ હથીયારો અને કારતુસો મળી આવ્યા હતા.



આ બધા શસ્ત્રો બિન અધિકૃત હતા. તપાસ દરમિયાન એવી વિગતો પણ સપાટી પર આવી હતી કે દાઉદ ઈબ્રાહીમ સયાજીગંજ વિસ્તારમાં જગદીશ લોજમાં રૂમ ભાડેથી રાખીને રહેતો હતો. તે જે રૂમ માં રહેતો હતો તે રૂમ નં.૨૩માં દરોડા દરમિયાન ત્યાંથી પણ શસ્ત્રો મળી આવ્યા હતા.

જે બાદ દાઉદ અને તેના સાગરીતો સામે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો જે બાદ સયાજીગંજ પોલીસને તપાસ સોંપવામાં આવી હતી. જો કે આ કેસમાં આરોપીઓને જામીન મળી ગયા હતા અને જામીન ઉપર છુટયા બાદ એક પણ આરોપીને પકડવામાં વડોદરા પોલીસ સહિતની તમામ તપાસ એજન્સીઓ નિષ્ફળ ગઇ એટલુ જ નહી આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો જેમાં કલેક્ટરની મંજૂરી લેવી જરૂરી હતી પરંતુ પોલીસે આ કેસમાં કલેક્ટરની મંજૂરી જ લીધી નહતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એનએસયુઆઇ - સીવાયએસએસ દ્વારા હલ્લાબોલ : રામધુન-સુત્રોચ્ચાર

## બીસીએ પેપર લીક કાંડમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાની માંગ સાથે લડત : પગલા લેવા બે દિવસનું અલ્ટીમેટમ : ઘંટારવ

રાજકોટ,

બીસીએ પેપર લીક કાંડમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાની માંગણી સાથે એનએસયુઆઇ તેમજ સીવાયએસએસ વિદ્યાર્થી સંગઠન દ્વારા આજે સૌરાષ્ટ્ર યુનિ.માં હલ્લાબોલ સાથે રામધુન બોલાવી સુત્રોચ્ચાર કર્યા હતા તેમજ આ પ્રકરણમાં કાર્યવાહી કરવા યુનિ.ના રજીસ્ટ્રારને બે દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું.

બીસીએ પેપર લીક કાંડમાં વિદ્યાર્થી સંગઠનના આગેવાનોએ આજે સતત દોઢ કલાક સુધી સૌરાષ્ટ્ર યુનિ.માં હલ્લાબોલ કરી આ મામલે યુનિ.ના રજીસ્ટ્રાર પરમારને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે આ પ્રકરણમાં બે દિવસમાં કાર્યવાહી કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનના મંડાણ કરવામાં આવશે.

એનએસયુઆઇ અને સીવાયએસએસના આગેવાનો સર્વશ્રી સુરજ બગડા, બ્રીજરાજસિંહ રાણા, રીયાઝ સુમરા, પ્રણવ ગઢવી સહિતના આગેવાનોએ જણાવ્યું હતું કે બીસીએ સેમ-૪ની યુનિ. દ્વારા લેવાયેલ પરીક્ષાના સમય અગાઉ જ વોટસએપ મારફત જ ૨૫ ગુણના પ્રશ્નો વોટસએપ ગ્રુપમાં વાયરલ થતા આ પેપર લીક કૌભાંડ ઉજાગર થવા પામ્યું હતું. આ ઘટનાને છ દિવસ વિતવા છતાં હજુ સુધી કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.યુનિ.ના આ છબરડાના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાની લાગણી પ્રસરી છે. યુનિ.ની શાખને પણ નુકસાન થવા પામ્યું છે ત્યારે આ પ્રકરણમાં યુનિ. દ્વારા તત્કાલ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે અને આ પ્રકરણની તપાસમાં જે કોલેજનું નામ ખુલે તે કોલેજનું પરીક્ષા કેન્દ્ર રદ કરવામાં આવે તેવી પણ તેઓએ માંગણી કરી હતી.

આ રજુઆતમાં વિદ્યાર્થી આગેવાનો દ્વારા થાળી વગાડી ઘંટારવ કરવામાં આવેલ હતો તેમજ યુનિ. રજીસ્ટ્રારની ચેમ્બર સામે રામધુન અને સુત્રોચ્ચાર કરવામાં આવેલ હતા. આ રજુઆતમાં વિદ્યાર્થી આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# રાજકોટમાં સ્ટેશનરીના વેપારી સાથે સ્પોર્ટસ કંપનીની ફ્રેન્ચાઇઝીના નામે રૂ.૨૧.૬૬ લાખની ઠગાઈ

રાજકોટ,

રાજકોટ શહેરના એસ્ટ્રો ન ચોકમાં નચીકેતા બિલ્ડીં ગમાં નચિકેતા સ્ટેશનરી મોલ ચલાવતાં વેપારી બીગ બાઝાર પાસે એ.પી. પાર્ક-૧માં રહેતાં કપિલભાઇ ધનજીભાઇ કાવર (ઉ.વ.૪૩) સાથે વિનય શુક્લાબ, આશિષ પાંડે સહિતે ડીકેથ્લોજન સ્પોર્ટસ ઇન્ડિયા પ્રા.લિ. કંપનીની ફ્રેન્ચાઝી આપવાના બહાને વાતચીત કરી બાદમાં ઓનલાઇન બેંકીંથી કટકે કટકે કુલ રૂા. ૨૧,૬૬,૦૦૦ મેળવી લઇ ઠગાઇ કરતાં એ-ડિવીઝન પોલીસે ગુનો નોંધ્યોક છે.

કપિલભાઇ કાવરે પોલીસને જણાવ્યું હતું કે મેં સ્પો?ર્ટસને લગતી ચીજવસ્તુનો નવો વેપાર કરવા માટ બેંગ્લોરરની ડીકેથલોન સ્પોર્ટસ ઈન્ડિસયા પ્રા.લી કંપનીની પ્રોફાઈલ ઓનલાઈન ચેક કરી હતી. જેમાં આરોપી વિનેશ શુકલા, લીગલ એડવાઈઝર આશીષ પાંડે તથા આસીસ્ટગન્ટન મનશુસીંગના નંબર લખેલા તેમજ ફ્રેન્ચાયઝી લેવા અંગે કંપનીનો ઇ-મેઈલ એડ્રેસ પણ આપેલુ હતું. જેના પર સંપર્ક કરતાં વિનોદ શુકલા અને આશીષ પાંડેએ કહ્યું હતુ કે ઘણી બધી રીકવાયરમેન્ટ તેમજ રજીસ્ટેશન ફી રૂપિયા ૬૬ હજાર ,રીફન્ડેબલ રૂા. ૬ લાખ, ડીપોઝીટ કરવાની વાત કરેલ. ગત તા.૧૨ના પેઢીના એકાઉન્ટ મારફત કંપનીના ખાતામાં રૂ ૬૬ હજાર તથા તા.૧૫ ના રૂ. ૬ લાખનું પેમેન્ટ જમાં કરાવ્યું હતું. તે પછી ગત તા.૧૬ના રોજ ઈ-મેઈલ મારફત કંપની જણાવ્યુ કે તમારે રૂ ૯૫ લાખનો સ્ટોક રાખવાનો રહેશે અને જેનું પેમેન્ટ છ માસની અંદર ચુકવી દેવાનું રહેશે.

તેમજ જીએસટીની રકમ રૂ.૧૫ લાખ એડવાન્સ કરવાનું કહેતા ગત તા. ૧૯ના રૂ ૭.૨૦ લાખ તેમજ તા.૨૩ના ૭.૮૦ લાખ એડવાન્સન આપ્યા હતા. બાદ આરોપીએ ફોન કરી વાત કરેલ કે ફર્નીચર અને સ્ટોરેજની જગ્યા જોવા કંપનીની એક ટીમ આવશે.બાદમાં આશીષ પાંડેએ ફોન કરી કહ્યું કે, તમારી ડીલરર્સ શીપની કામગીરી પુર્ણ થઈ ગયેલ છે. તેમ વાત કરતાં ચીટીંગ થયાની શંકા ગઈ હતી.તપાસ કરતાં અન્ય આરોપીઓના ફોન બંધ આવતા હતા અને આશીષ ફોન ઉપાડતો નહતો. આ પ્રકારે ગઠીયાગીરી કરી બેક્રમાંથી કુલ ૨૧.૬૬ લાખની રકમ ચાંઉ કરી જતાં અંતે ફરિયાદ નોંધાવી હતી. તેમ વેપારીએ જણાવતાં એ-ડિવીઝન પીઆઇ આર. જી. બારોટે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજકોટની સગીરાના દુષ્કર્મના કેસમાં સગા માસાને કુદરતી મૃત્યુ સુધી આજીવન કેદ

## સગીરાની એકલતાનો લાભ લઈને માસાએ દુષ્કર્મ આચરેલ હતુંઃ આકરી સજા કોર્ટે ફરમાવી

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય વિસ્તારની સગીરા ઉપર દુષ્કમર્મ ગુજારવાના ગુનામાં પકડાયેલ સગા માસાને જીવનના અંતિમ શ્વાસસ એટલે કે કુદરતી મૃત્યુ સુધીની આજીવન કેદની સજા અધિક સેસન્સ જજ શ્રી જે. ડી. સુથારે ફરમાવેલ છે.

આ અંગેની વિગત એવી છે કે, ગત તા. ૧૭-૫-૨૦૨૨ના રોજ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદીએ ફરિયાદ લખાવેલ કે તેઓ મુંજકા ગામ બાજુ આવેલ વિસ્તારમાં રહે છે અને તેમની ઘરે તેમની સગી બહેન મોતિયો ઉતરાવવા માટે તેમના ઘરે આવેલ અને તેમની સાથે તેમનો પતિ પણ આવેલ. આમ તેમની બહેન અને તેમનો પતિ બંને ફરિયાદીના ઘરે રોકાયેલ ત્યાથરે ફરિયાદી અને કુટુંબીજનો ઘરે ન હોય, ફરિયાદીની સગીર વયની દિકરી (ઉ.વ. ૧૫ વર્ષ ૬ માસ) ઘરે હતી ત્યારે ફરિયાદીની બહેનના પતિ એટલે કે ફરિયાદીની સગીર વયની દીકરીના સગા માસા થતાં હોય તેને ફરિયાદીની સગીર વયની દીકરી ઉપર દુષ્કરર્મ આચરેલ. તે અંગેની ફરિયાદ ફરિયાદીએ પોલીસ સ્ટે શનમાં લખાવેલ અને તે ફરિયાદના અનુસંધાને પોલીસે આરોપી ધીરૂભાઇ બિજલભાઇ વેગડ રહે. વલ્લભીપુર, જી. ભાવનગર વાળાની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી વિરુદ્ધ ગુન્હા ને લાગતો પુરતો પુરાવો મળી આવતા પોકસો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલશ્રીની દલીલ દસ્તાોવેજી પુરાવા તેમજ સોગંદ ઉપરની જુબાનીઓનું ધ્યાનને લઇ પોકસો અદાલતના જજ શ્રી જે. ડી. સુથારે આરોપી ધીરૂભાઇ બિજલભાઇ વેગડને કુદરતી રીતે મૃત્યુય ન થાય એટલે કે અંતિમ શ્વાશસ સુધીની આજીવન કેદની સજા તથા ભોગ બનનારને ચાર લાખનું વળતર ચૂકવવાનો હુકમ કરેલ છે. આ કામે સરકાર તરફે સરકારી વકીલશ્રી મુકેશભાઇ પીપળીયા રોકાયેલ હતા.

# રાજકોટ મારવાડી યુનિવર્સિટીએ ૧૦૦ પેટન્ટ ફાઇલ કરી વર્લ્ડ આઇપી ડેની ઉજવણી કરી

## નવીનીકરણને પ્રોત્સાહન આપવાની તેની કટિબદ્ધતાનું પાલન કર્યું છે.: ટ્રસ્ટીન ધ્રુવ મારવાડી



રાજકોટ

મારવાડી યુનિવર્સિટીએ તેના સેન્ટર ફોર ઇનોવેશન, ઇન્યુબેશન એન્ડ રીસર્ચ મારફતે ભારતના ઇન્ટડલેક્ચ્યુઅિલ પ્રોપર્ટી લેન્ડોસ્કેપમાં નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કરીને વર્લ્ડ આઇપી ડે ૨૦૨૪ની ઉજવણી કરી હતી. આ દિવસની ઉજવણી કરવા માટે ૧૦૦ પેટન્ટ ફાઇલ કરીને મારવાડી યુનિવર્સિટીએ નવીનીકરણને પ્રોત્સાહન આપવાની તેની કટિબદ્ધતાનું પાલન કર્યું છે.

પત્રકાર પરિષદમાં ડીન ડો. જાડેજાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં નવીનીકરણને પોષવા અને પ્રોત્સાહન આપવા માટે આઈ.પી.આર. પ્રોટેક્શકનના મહત્ત્વને માન્યાતા આપવા માટે મારવાડી યુનિવર્સિટીએ કેટલાક સક્રિય પગલાં લીધાં છે, જેથી કરીને આ ઇવેન્ટ મારફતે પેટન્ટ ના ફાઇલિંગ અને મંજૂરી આપવાની પ્રક્રિયા અંગે જાગૃતિ ફેલાવી શકાય તથા તેને સુવિધાજનક બનાવી શકાય. વર્લ્ડ આઇપી ડે ૨૦૨૪ના રોજ ૧૦૦ પેટન્ટ ફાઇલ કરાવવી એ ફક્ત એક પ્રતીકાત્મક કાર્ય નહોતું પરંતુ તે તો યુનાઇટેડ નેશન્સ દ્વારા સ્થાપવામાં આવેલા સસ્ટે?બલ ડેવલપમેન્ટ ગોલ્સર (એસડીજી)ને અનુરૂપ રહીને નવીનીકરણને આગળ વધારવા મારવાડી યુનિવર્સિટી કટીબધ્ધ છે. આ પેટેન્સ્ગો હેલ્થકેર, સેનિટેશન, ઇન્ફ્રોસ્ટ્રક્ચકર અને ક્લાઇમેટ એક્શવન સહિતના વિવિધ ક્ષેત્રોના ગંભીર પડકારોને ઉકેલવા માટેના ઉપાયોની વૈવિધ્યપૂર્ણ શ્રેણી પૂરી પાડે છે.

પત્રકાર પરિષદમાં વધુમાં જણાવ્યું હતું કે, આવા કેટલાક નોંધપાત્ર નવીનીકરણોમાં આયુર્વેદના સિદ્ધાંતોનું પાલન કરનારી અને ઇમેજ પ્રોસેસિંગ પર આધારિત ડીસીઝ ડીટેક્શનન સિસ્ટમ, મૂત્રમાર્ગના ચેપની સારવાર કરવા માટે અને વાયુ પ્રદૂષણને દૂર કરવા માટે કૃષિ અવશેષોનો ઉપયોગ કરનારું પોર્ટેબલ યુરિનેશન ડીવાઇઝ તથા દર્દીની સારવાર કરતી વખતે નિયંત્રિત વાતાવરણને જાળવી રાખવા માટેના હોસ્પિટલ બેડ સીટનો સમાવેશ થાય છે.

વધુમાં મારવાડી યુનિવર્સિટીએ સ્ટ્રોક રીહેબિલિટેશન માટે ઇલેક્ટ્રિપકલ સ્ટિમ્યુલિટર, પાણીના શુદ્ધિકરણ માટે નેનો-સેલ્યુલોઝ ફાઇબર્સ અને ખેતીની ઊપજમાં નોંધપાત્ર વધારો કરવા માટે સ્માર્ટ એગ્રીકલ્ચર સિસ્ટમ જેવી ક્રાંતિકારી ટેકનોલોજીઓ પણ વિકસાવી છે.

મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું કે, ‘મારવાડી યુનિવર્સિટી ખાતે અમે નવીનીકરણ અને ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીના સંરક્ષણ માટેની એક સહાયક ઇકોસસ્ટુને પ્રોત્સાકહન આપવા માટે કટિબદ્ધ છીએ. સંશોધન અને નવીનીકરણમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાના યુનિવર્સિટીના અથાક પ્રયત્નો પેટન્ટ મેળવવાના અને સામાજિક પ્રભાવ પાડવાના અમારા પ્રયાસોમાં જોઈ શકાય છે. વર્લ્ડપ આઇપી ડેની ઉજવણી જેવી પહેલ મારફતે અમારો ઉદ્દેશ્યે ઇનોવેટર્સની એક નવી પેઢીને પ્રેરિત કરવાનો છે, જેઓ આપણાં સમાજમાં એક હકારાત્મક પરિવર્તન લાવી શકે.’

# રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા એમ.સી.એમ.સી. કંટ્રોલ રૂમની કામગીરીની સમીક્ષા

## ઉત્સાહપૂર્ણ રીતે ચૂંટણી ફરજ બજાવતા દિવ્યાંગ કર્મચારીઓને કલેકટરે બિરદાવ્યા

રાજકોટ, - રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશીએ આજે કલેકટર કચેરી ખાતે કાર્યરત મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરિંગ કમિટી (એમ.સી.એમ.સી.)ના કંટ્રોલરૂમની મુલાકાત લીધી હતી. તેમણે સમાચારોના નિરીક્ષણ કામગીરીની સમીક્ષા કરી હતી. આ સાથે ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે, આચારસંહિતાને લગતી બાબતો પર ખાસ વોચ રાખવા સૂચના આપી, કામગીરીમાં શું સાવધાની રાખવી તેનું માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશી સાથે નિવાસી અધિક કલેક્ટર શ્રી ચેતન ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા. એમ.સી.એમ.સી.ના નોડલ અધિકારી સુશ્રી સોનલ જોશીપુરાએ કંટ્રોલરૂમની કામગીરી તેમજ સંલગ્ન બાબતો અંગે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને માહિતી આપી હતી. આ તકે સહાયક માહિતી નિયામક સુશ્રી પ્રિયંકા પરમાર પણ સાથે રહ્યા હતા.

નિવાસી અધિક કલેકટર શ્રી ચેતન ગાંધીએ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૪થી દિવ્યાંગ કર્મચારીઓને તેમની સ્થિતિને અનુરૂપ ન્યૂઝ મોનિટરિંગની કામગીરી સોંપવામાં આવે છે. લોકશાહીના અવસર એવી ચૂંટણીમાં ફરજ સોંપવા દિવ્યાંગ કર્મચારીઓએ કરેલી રજૂઆત અને તેઓએ દર્શાવેલા ઉત્સાહને પગલે તેમને આ ફરજ સોંપવાનું શરૂ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, જિલ્લા કલેકટર કચેરી ખાતે કાર્યરત એમસીએમસીના કંટ્રોલરૂમમાં ૫૦થી વધુ દિવ્યાંગ કર્મચારીઓ ત્રણ શિફ્ટમાં ૨૪ કલાક ફરજ બજાવે છે.

# રાજકોટ મનપા દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી



## જાહેર પ્રદર્શન, રાત્રી સભા, વિનામૂલ્યે પોરાભક્ષક માછલી વિતરણ સહિતના કાર્યક્રમો યોજાયો

રાજકોટ,

મહાનગરપાલીકા દ્વારા ‘વિશ્વ મેલેરિયા દિવસ’ની ઉજવણી અંતર્ગત શહેરના વિવિધ વિસ્તા:રોમાં મચ્છરોના પોરા, પોરાભક્ષ માછલીના જીવંત નિદર્શન દ્વારા મેલેરિયા વિષયક ત્રણ સ્થળોએ જાહેર પ્રદર્શન, ત્રણ સ્થળોએ રાત્રી સભા, રેલી તથા બેનર, પત્રિકા, પોસ્ટર મારફતે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ તથા વિનામૂલ્યે પોરાભક્ષક માછલી વિતરણ કરવામાં આવેલ. તેમજ સરકારી પોલીટેકનીક એન્ડ કોલેજ, જે.જે.કુંડલીયા, રાજકોટ ડેરી, પદ્મકુંવરબા હોસ્પિસટલ સહિત કૂલ ૯ સ્થળો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં હજારો લાભાર્થીઓને મેલેરીયા રોગ વિષયક માહિતી આપવામાં આવી હતી.હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતેથી આરોગ્ય શિક્ષણ, પત્રીકા વિતરણ તથા ૨૩ આરોગ્યી કેન્દ્ર ખાતેથી રંગોળી પત્રીકા વિતરણ તથા રેલી યોજી આરોગ્યે શિક્ષણના કાર્યક્રમ કરવામાં આવેલ તથા લોકોને મેલેરિયા તથા તેને નિયંત્રણ અર્થે લેવાના થતા પગલા વિશે માહિતગાર કરવામાં આવેલ. તેમ મનપાના આરોગ્યણ અધિકારી ડો.જયેશ વકાણીએ જણાવ્યું હતું.

# રાજકોટમાં ’દસ મિનીટ, દેશ માટે’ ફાળવીને અચૂક મતદાન કરવા જવાની અપીલ કરતું નવદંપતી

## સાઈન લેંગવેજથી મતદાનની નૈતિક ફરજ નિભાવવાની પ્રેરણા આપતાં મુક-બધિર દિવ્યાંગ શિક્ષક

રાજકોટ , રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીની અધ્યક્ષતામાં લોકસભાની ચૂંટણી સંદર્ભે હેઝટેગ મેકિંગ અને રીલ મેકિંગ સ્પર્ધાઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ અને સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર્સની મીટીંગ યોજાઈ હતી. જેમાં સોશીયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર દંપતી અને મુક-બધિર દિવ્યાંગ શિક્ષકે અચૂક મતદાનની અપીલ કરી હતી.

સોશીયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર એવા નવદંપતી શ્રી નિશા ઝા અને શ્રી નિરવ પટેલે દાંપત્ય જીવનના આરંભ બાદ સજોડે મતદાન કરવાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેઓ બંનેએ સંયુક્ત રીતે જણાવ્યું હતું કે, વોટીંગ કાર્ડ મેળવીને ૧૮ વર્ષની વયથી મતદાન ચાલુ કર્યું છે.એક મહિના પહેલા જ અમારા લગ્ન થયા છે અને હવે અમે બંને સાથે મતદાન કરવા જવાના છીએ. આપ સૌને પણ વિનંતી છે કે તમારું પહેલું મતદાન હોય તો અચૂક "દસ મિનીટ, દેશ માટે" ફાળવીને મતદાન કરવા જજો. જેથી, લોકશાહીના પર્વને આપણે સાથે મળીને ઉજવી શકીએ.

વધુમાં, છ.શા. વિરાણી મૂક અને બધિર શાળાના શિક્ષકોએ રીલ મેકિંગ સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા થવા બદલ મોમેન્ટો અને સર્ટીફીકેટ પ્રાપ્ત થતાં જિલ્લા ચૂંટણી તંત્રનો આભાર માન્યો હતો. આ તકે મુક-બધિર દિવ્યાંગ શિક્ષકશ્રી હિરેનભાઈ પંડ્યા એ સાઈન લેંગવેજના માધ્યમથી અને શિક્ષકશ્રી ક્રિશ્નાબેન મોજીદ્રા એ તેને વાચા આપીને નાગરિકોને મતદાનની નૈતિક ફરજ નિભાવવાની પ્રેરણા આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે, મતદાન કરવું એ આપણી પવિત્ર ફરજ છે. ૧૮ વર્ષ કે તેથી વધુ વયના દિવ્યાંગોએ મતદાન કરવા માટે જવું જોઈએ. તેમજ અમે દિવ્યાંગ છીએ છતાં પણ મતદાન કરવા જઈએ છીએ તો આગામી તા. ૭મી મેના રોજ શારીરિક રીતે સક્ષમ સ્ત્રીઓ અને પુરુષો એ તો અવશ્ય મતદાન કરવા જવું જોઈએ, તેવી અમારી લાગણી છે.

-આલેખન - રિધ્ધિ ત્રિવેદી, માર્ગી મહેતા

# હિટવેવ સંદર્ભે ખેડૂતોએ સાવચેતી રાખવા માર્ગદર્શિકા જાહેર

## બપોરે ખેતીની પ્રવૃત્તિઓ બંધ રાખવીઃ પશુઓને છાંયડામાં રાખવા

રાજકોટ:ઉનાળાની ઋતુના સમયે રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે તેમજ હવામાન વિભાગ દ્વારા એપ્રિલ માસના અંત તથા મે માસમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે, ત્યારે ઉનાળુ ઋતુના ઊભા પાક અંગે સાવધાની રાખવા માટે રાજકોટ જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા સાવધાનીના પગલાં અંગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે મુજબ, જિલ્લામાં ખેડૂતોએ ખેતરમાં ઊભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. તેમજ વહેલી સવારે તથા સાંજના સમયે પિયત આપવું. આ સાથે જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવા પાકના અવશેષો, પોલીથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. તેમજ જમીનમાં ભેજ જળવાઈ રહે તે માટે ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. બપોરના કલાકો દરમિયાન ખેતી વિષયક પ્રવૃત્તિઓ બંધ રાખવી. જેથી ખેડૂતોને ગરમીમાં રાહત મળી શકે.

ઉપરાંત પશુઓને છાંયડામાં રાખવા. તેમના પીવાના પાણી માટે ચોખ્ખું અને ઠંડુ પાણી આપવું. તેમજ પશુોને ખોરાકમાં લીલું ઘાસ અને ખનીજયુક્ત દ્રવ્ય આહાર આપવો. ઓછી ગરમીના કલાકોમાં પશુઓને ચરાવવા માટે લઈ જવા તેમજ બપોરના સમયે દુધાળા પશુઓને ચરાવવા નહીં કે ખોરાક આપવો નહીં.

કૃષિ હવામાન એડવાઈઝરી અને સેવાઓ માટે મેઘદૂત મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવી તથા તેમાં જણાવેલી વિગતોનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરવો. આ અંગે વધુ જાણકારી માટે પોતાના વિસ્તારના ગ્રામ સેવક કે વિસ્તરણ અધિકારી, ખેતીવાડી અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, મદદનીશ ખેતી નિયામક, તાલુકા અમલીકરણ અધિકારી અથવા કિસાન કોલ સેન્ટરનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# માંગરોળમાં દુકાનના કાઉન્ટવર પરથી ગ્રાહકના મોબાઈલ ફોનની ચોરી

જૂનાગઢ, માંગરોળમા ઝેરોક્ષની દુકાનનાં કાઉન્ટપર પરથી વિદ્યાર્થીનો ૨૫,૦૦૦નો મોબાઈલ ચોરાઇ ગયો હોવાની પોલીસમાં રાવ થઈ હતી.

માંગરોળમાં વરામબાગ રોડ વિસ્તીરમાં રહેતો વિદ્યાર્થી હસન હનીફભાઈ જાગા ૧૮ એપ્રિલના રોજ ભરતી ફોર્મ ભરવા માટે નોન ક્રિમિલિયર સર્ટીફીકેટ કઢાવવું જરૂરી હોય જેથી સોગંદનામુ કરાવવા માટે માંગરોળમાં સેક્રેટરીયેટ રોડ પર આવેલ ઝેરોક્ષ ફોટોગ્રાફર નામની દુકાને ગયો હતો.ત્યોરે તેની નજર ચૂકવી દુકાનના કાઉન્ટીર પરથી અજાણ્યોટ શખ્સન રૂપિયા ૨૫, ૦૫૮નીકિંમતનો મોબાઈલ ફોન ચોરીને નાસી ગયો હોવાની ઓનલાઈન થયેલી ફરિયાદના આધારે માંગરોળ પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.

### જુનાગઢમાં એરકૂલર મુદે વેપારી અને ગ્રાહક વચ્ચે સામસામી મારામારી

જૂનાગઢમાં કૂલર ખરાબ નીકળતા પૈસાના મુદે વેપારી અને ગ્રાહક વચ્ચેગ ઝપાઝપી સાથે મારામારી થઈ હતી.

શહેરના રાણાવાવ ચોકમાં આવેલ વાઈટ હાઉસ કોમ્લેવ ક્સેમાં ઈલેક્ટ્રો નિક્સથ આઈટમનો વેપાર કરતા પરેશભાઈ કનૈયાલાલ ઢાલાણીની દુકાનેથી એર કૂલર ખરીદી ગયેલ ગ્રાહક રાહુલ કતકપરા અને તેનો ભાઈએ બુધવારની સાંજે દુકાને આવી કુલરમાં ખરાબી છે તેમ કહી બોલાચાલી કરી વેપારીના ભાઈ સુનિલનો કાઠલો પકડી પેડલ ફેન ઉપાડી મારવાનો ક્ર્યાસ કરી બંને ભાઈને માર મારી જાનથી પતાવી

# જુનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવસિયાએ ફર્સ્ટ ટાઈમ વોટર સાથે કર્યો સંવાદ

જુનાગઢ,

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ કોલેજોમાં કેમ્પસ બ્રાન્ડ એમ્બેસેડર એવા ફર્સ્ટ ટાઈમ વોટર સાથે સંવાદ કર્યો હતો. જિલ્લા ચૂંટણી અધિકારીએ ચૂંટણી પ્રક્રિયા પાછળ તંત્ર દ્વારા ઉઠાવતી જહેમત અને લોકશાહીમાં મતના મહત્વ વિશે આ યુવા મતદારો સાથે સાર્થક ચર્ચા કરી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી સાથેના સંવાદમાં પ્રથમ વખત મતદાન કરવા જઈ રહેલા ઉત્સાહથી ભરપૂર યુવા મતદાતાઓ તા.૭મી મે અચૂક મતદાન કરવાની સાથે પોતાના પરિવારજનો, મિત્રો સહિત અન્ય મતદાતાઓને મતદાન કરાવવા માટે સંકલ્પબદ્ધ થયા હતા. ફર્સ્ટ ટાઈમ વોટર યુવાઓએ પ્રતિભાવ આપતા પ્રથમ વખત મત આપવા ખૂબ ઉત્સાહિત હોવાનું જણાવ્યું હતું. એક મતથી પણ ફેર પડે છે, તેમાં બેમત નથી. તેવો પણ આ કાર્યક્રમમાં સૂર વ્યક્ત થયો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સદીઓ જૂની જૈન હસ્તપ્રતો

ભારતનો જ્ઞાન વારસો વિદેશમાં સચવાયેલો છે આપણા સદીઓ જુના હસ્તલિખિત ગ્રંથો જર્મની બ્રિટન જેવા દેશોની અંદર સચવાયેલા છે તેને સ્વદેશ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે આમાં એક મહત્વની વસ્તુ એ છે કે ૨૦૦૦ કરતા વધારે દુર્લભ જૈન ધર્મની હસ્તપ્રતોને પરત મેળવવા માટે ૨૦ વર્ષથી પ્રયાસો થઈ રહ્યા હતા તેને સફળતા મળી છે અને તેનો યસ ઇન્સ્ટિટયૂટ ઓફ જઈનોલોજીને ફાળે જાય છે. અતિ દુર્લભ ગણાય તેવી જૈન ધર્મની હસ્તપ્રતો બ્રિટનના વેલકમ ટ્રસ્ટ ફાઉન્ડેશન દ્વારા હાલ સાચવવામાં આવી રહી છે તેને પરત લાવવામાં આવશે.

વાઇબ્રન્ટ ગુજરાત માત્ર વેપાર ઉદ્યોગ

માટે જ નહીં પરંતુ ઉદારતા અને માનવતા માટે પણ જાણીતું છે. અહિંસા, માનવતાનું સૌથી મોટું સ્વરૂપ સૌ પ્રથમ જૈન તીર્થંકર દ્વારા અમલમાં લાવવામાં આવ્યું હતું. તેમના અનુયાયીઓની સૌથી વધુ સંખ્યા ગુજરાતમાં જોવા મળે છે. અહિંસાને જીવનશૈલી બનાવનારા લોકોમાં સૌથી મોટું નામ મહાત્મા ગાંધીનું છે. દલાઈ લામાએ પણ આ વાત સ્વીકારી છે. ગુજરાત દેશના મુખ્ય રાજ્યોમાંનું એક છે ગુજરાતમાં પાલીતાણા જૈન ધર્મનું સૌથી મોટું તીર્થ છે આ સિદ્ધ ક્ષેત્ર છે આ સિદ્ધ ક્ષેત્રની નજીક સોનગઢમાં પણ જૈન ધર્મના ખૂબ મોટા પ્રમાણમાં ધાર્મિક કાર્યો થઈ રહ્યા છે આ ઉપરાંત અયોધ્યાપુરમ પણ ભાવનગરની ધાર્મિક ભાવનામાં વધારો કરે છે ભાવનગરના ધાર્મિક દેરાસરોમાં સતત કોઈને કોઈ જૈન ધર્મને લગતા સરસ મજાના કાર્યો થઈ રહ્યા છે દાદા સાહેબ જેવા દેરાસર મોટા દેરાસર સહિતના તીર્થોમાં લોકો ધર્મ પ્રત્યે વધુ વળી રહ્યા છે. જૈન ધર્મના કારણે

શાકાહાર તરફ વળનારા લોકોની સંખ્યા વધુ છે અને આમાં સૌથી મોટો ફાળો જૈન સમુદાયનો રહ્યો છે. તેઓ લોકોને આ દિશામાં આકર્ષી કરી રહ્યા છે. તેમાં બીજી કડી ઉમેરવાનું કામ અમદાવાદના વતની ડો.જસવંત મોદી અને ઇન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજી દ્વારા કરવામાં આવ્યું છે. ડો.મોદી અને તેમની ટીમે લંડન મ્યુઝિયમમાં રખાયેલી ૧૦૦ વર્ષ જૂની ૨૦૦૦થી વધુ અત્યંત દુર્લભ હસ્તપ્રતોના અધિકારો મેળવ્યા છે. લંડનના વેલકમ ટ્રસ્ટ ફાઉન્ડેશને ભારતના વિવિધ સ્થળોથી આ સ્ક્રિપ્ટો સાચવી રાખી હતી. તેને મેળવવાની પ્રક્રિયા છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહી હતી. આ હસ્તપ્રતો (હેન્ડસ્ક્રિપ્ટ) રાખવા માટે વ્યવસ્થા કર્યા બાદ તેને ભારતમાં લાવી શકાશે. હાલમાં, ઘણા દેશોના વિદ્વાનો આ સ્ક્રિપ્ટ પર સંશોધન કરી રહ્યા છે.

# મહારાજા શ્રીભાવસિંહજી-રજા(ઇ.સ.૧૮૯૬-૧૯૧૯)

**મહારાજા તખ્તસિંહજીને ભાવસિંહજી ભગવતસિંહજી અને મંગળસિંહજી એમ ત્રણ રાજકુંવરો હતા**

**ભાવસિંહજીને તા. ૧૦-૦૨-૧૮૯૬ના રોજ રાજયાભિષેક કરી રાજયની સંપૂર્ણ સત્તા સોંપવામાં આવી હતી**

**જામનગરના રણજીતસિંહજી, કોટડા સાંગાણીના મૂળવાજી તેમની સાથે અભ્યાસ કરતાં હતા**

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

પ્રજાવત્સલ રાજવી તખ્તસિંહજીએ ઇ.સ. ૧૮૯૬માં માત્ર ૪૮વર્ષની ઉંમરે અચાનક હૃદય બંધ પડીજવાથી અનંતનીવાટ પકડી. મહારાજા તખ્તસિંહજીને ભાવસિંહજી, ભગવતસિંહજી અને મંગળસિંહજી એમ ત્રણ રાજકુંવરો હતા. ભાવસિંહજીનો જન્મ તા. ૨૫-૦૪-૧૮૭૫ સંવત ૧૯૩૧ ચૈત્ર વદ ૫, ને રવિવારે થયો હતો. તેમનું મોસાળ ગોંડલ હતું. ભગવતસિંહજીનો જન્મ ઓક્ટોબર ૧૮૭૮માં અને મંગળસિંહજીનો જન્મ ૩ જૂન ૧૮૮૧ના રોજ થયો હતો. મહારાજા તખ્તસિંહજીના અવસાન સમયે ભાવનગર રાજયનો વહીવટ કાઉન્સિલ પદ્ધતિથી ચાલતો હતો. યુવરાજ ભાવસિંહજીની ઉંમર ૨૧વર્ષની હતી. તેથી ત્યારની પ્રણાલી મુજબ તે પુખ્ત વયના હતા. તેમનો તા. ૧૦-૦૨-૧૮૯૬ના રોજ રાજયાભિષેક કરી રાજયની સંપૂર્ણ સત્તા સોંપવામાં આવી હતી. ઓગણીસમી સદીના અંતિમ વર્ષોમાં ભાવસિંહજી ગાદીએ આવ્યા. તેમના ભાઈ મંગળસિંહજીને મઢડા, કરદેજ અને ઢૂંઢસર ગામ ગરાસમાં અપાયા હતા.

તખ્તસિંહજીએ લોક્કલ્યાણના અનેક કામો કર્યા હોવાથી તેમના અવસાન સમયે રાજય તિજોરીમાં ફક્ત એકતાલીશ રૂપિયા, મોતીની એક માળા હતી. તથા રાજય ઉપર લાખો રુપિયાનું કરજ હતું. આ રીતે ભાવસિંહજીને વારસામાં રાજયની તિજોરી ખાલી મળી હતી. તેથી તેમની સામે રાજયની આર્થિક સ્થિતિ મજબૂત કરવાની મુખ્ય જવાબદારી હતી. (૧૯૪૮માં ભાવનગર રાજય સૌરાષ્ટ્ર રાજયમાં ભળ્યું ત્યારે અઢાર કરોડ રૂપિયા રોકડા ઉપરાંત જુદાજુદા બીજા ફંડો તથા બીજી ઇસ્ક્યામતો સોંપેલી.) તેમના ત્રેવીશ વર્ષના શાસનકાળ દરમિયાન તેમના સમયમાં રાજયની સામાજિક અને આર્થિક પરિસ્થિતિને ખુબજ અસર કરે તેવા મહત્વના પ્રસંગો-ઘટનાઓ બની હતી જેમકે (૧) સં.૧૯૫૬-ઇ.સ.૧૯૦૦ના વર્ષે દુષ્કાળ પડ્યો. જે ઇતિહાસના પાને છપ્પનિયા દુષ્કાળ તરીકે ઓળખાય છે. (૨) ઇ.સ.૧૯૦૩ના વર્ષે પ્લેગનો રોગચાળો અને (૩) ઇ.સ.૧૯૧૪ થી ૧૯૧૮ના વર્ષો દરમિયાનનું પ્રથમ જગતયુદ્ધ. આવા અનેક પડકારોની સામે પોતાના ૨૩વર્ષના શાસન દરમિયાન પોતે કુનેહપૂર્વક રાજય વહીવટ કરીને નામના મેળવી હતી.

ભાવસિંહજીના માતુશ્રી માજીરાજબા ગોંડલના રાજકુંવરી હતા. ભાવસિંહજીના જન્મ પછી તરત માતાનું અવસાન થયું હતું. તેથી તેમના ઉછેરની જવાબદારી તેમની નાનીમાં મોંઘીબાએ સ્વીકારી હતી. જેથી ભાવસિંહજીનો ઉછેર ભાવનગરના બદલે ગોંડલમાં થયો હતો. ભણવાની ઉંમર થતાં તેમને રાજકોટની રાજકુમાર કોલેજમાં પ્રવેશ અપાયો હતો. તેમના કંમ્પેનિયન ટ્યૂટર તરીકે પ્રભાશંકર નોકરીએ રહેલા. પ્રભાશંકરને એ નોકરીએ રાખવાની ભલામણ તે વખતના રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ ચેસ્ટર મોકનોટને કરી હતી. એ પ્રભાશંકરને રાજકોટની કાઠીયાવાડ હાઇસ્કૂલમાં ભણતા તયારથી ઓળખાતા હતા. ભાવસિંહજી સાથે જામનગરના પ્રિન્સ રણજીતસિંહજી (૧૮૭૨-૧૯૩૬) અને કોટડા સાંગાણીના યુવરાજ મૂળવાજી અભ્યાસ કરતાં હતા. ત્રણેક વર્ષ રાજકોટમાં કેળવણી મેળવ્યા પછી તેમણે ધારવાડમાં કોલ્હાપુરના રાજવી સાથે સ્ટુઅર્ટ ફ્રેઝરની ટ્યુટરશીપ અને ગાર્ડિયનશીપ (વાલીપણા) હેઠળ ઓફિસરશ્રી કર્નલ મેરી વેધરની દેખરેખ નીચે અભ્યાસ કર્યો હતો. મેરી વેધર બે વર્ષ પછી જતાં રહ્યા તેથી મહારાજા તખ્તસિંહજીએ યુવરાજ ભાવસિંહજીને રાજય ચલાવવાનો અનુભવ મળી રહે તે હેતુથી રાજયની વહીવટી કાઉન્સિલના કાઉન્સિલરો સાથે સામેલ કરી દીધા. તે સમયે લશ્કરી વિભાગના કાઉન્સિલર તરીકે કર્નલ હેરિસ નિમાયા હતા. એટલે ત્યારથી યુવરાજને મોટે ભાગે તેમની સાથે રાખવામાં આવતા. આમ ૨૧વર્ષની ઉંમર થઈ ત્યા સુધીમાં લગભગ બધા ખાતાની માહિતી અને અનુભવ તેમને મળી ગયો હતો. આમ ગાદીએ આવતા પૂર્વે આ રીતે મળેલો વહીવટી અનુભવ તેમને રાજય સંભાળ્યા પછી ખુબ જ ઉપયોગી બન્યો, જે તેમની સફળ રાજકર્તા તરીકેની કારકિર્દી ઘડતરમાં અત્યંત ઉપયોગી સાબીત થયું.

ભાવસિંહજી બીજાની રાજવી તરીકેની સિદ્ધિઓ. જોઈએતો ભાવસિંહજી બીજા ગાદીનશી થતાં સાથેજ દરેક ક્ષેત્રે સુધારા કરી ભાવનગર રાજયને આધુનિક બનાવવાની ક્રિયાને જડપી બનાવી. રાજયની આર્થિક પ્રગતિને દુષ્કાળ, પ્લેગ, પહેલું જગતયુદ્ધ આવા બનાવો રાજયની પ્રગતિ માટે અવરોધક બન્યા, છતાં તેનો પ્લાનિંગ અને ધીરજ પૂર્વક સામનો કરવા માટે રચનાત્મક અનેક પગલાં લઈ લોકોની આર્થિક તેમજ સામાજિક પ્રગતિ, વિકાસ, માનસિક સંતુલન તથા પરીવર્તન માટે રાજવીએ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે જુદા જુદા ક્ષેત્રે કરેલા કાર્યો અને લીધેલા પગલાથી રાજયની પ્રગતિ જાણી શકાય.

મહારાજા ભાવસિંહજી ચતુર રાજવી હતા. રાજયને પ્રગતિના માર્ગે લઈ જવા માટે રાજકીય બાબતોમાં પ્રથમ ધ્યાન આપવું જોઈએ તે પોતે જાણતા હતા. તેથી તેમણે સૌથી પ્રથમ વહીવટીતંત્રમાં પરીવર્તન કર્યું.: તે ગાદી સંભાળ્યા પહેલા વહીવટી કાઉન્સિલમાં સામેલ થયા હતા તેથી તેમને વહીવટમાં ક્યાં સુધારા કરવાની જરૂર છે તે ખ્યાલમાં આવ્યું હતું. તેથી તેમણે શરૂઆતમા જ વહીવટીતંત્રમાં સુધારા કરવાની પ્રક્રિયા હાથધરી. ઇ.સ. ૧૯૦૦ (સં.૧૯૫૬)માં અતિભયંકર દુષ્કાળ પડ્યો જેથી તેમની સુધારાની પ્રક્રિયાને થંભાવી દેવી પડી. અત્યાર સુધી ભાવનગર રાજયમાં કાઉન્સિલ પદ્ધતીથી વહીવટી માળખું ગોઠવાયેલું હતું. પરંતુ સદીની શરૂઆતમાં જ દુષ્કાળની ખરાબ અસરને લીધે કરકસરનાં ભાગરૂપે તેમની ઇચ્છા ન હોવા છતાં કાઉન્સિલ પદ્ધતિની જગ્યાએ પાછી દિવાની પદ્ધતિ દાખલ કરવી પડી. તે સમયના વાઈસરોય લોર્ડ કર્ઝન અને સૌરાષ્ટ્રના પોલિટિકલ એજન્ટ કર્નલ હંટર તેમના આ પગલાં સાથે સંમત હતા. આમ વહીવટી તંત્રમાં ફેરફાર કરી તખ્તસિંહજીના સમયના પ્રખ્યાત દીવાન ગૌરીશંકર ઓઝાના મોટા પુત્ર વિજયશંકરને (ઠરાવ નંબર ૭ તા. ૧૬-૦૧-૧૯૦૦ થી) કામચલાવ મુખ્ય દીવાનપદે નીમવામાં આવ્યા અને તેમની પાસેથી રૂ.૩૦ લાખની લોન રેલ્વેની આવકમાંથી ભરપાઈ કરી દેવાની શરતે લેવામાં આવી હતી. નાયબ દીવાન તરીકે રાજકોટના મુખ્ય વકીલ અને પોલિટિકલ ખાતાના સારા અભ્યાસી અને અનુભવી શ્રી હરિલાલ સવાઇલાલને નીમવામાં આવ્યા. દીવાનના ન્યાયકીય મદદનીશ તરીકે તે સમયના સર ન્યાયાધીશ ઘેલાભાઈ જગજીવંરામને નીમવામાં આવ્યા. મહારાજા ભાવસિંહજીના હજુર સેક્રેટરી રતિલાલ છોટાલાલે નિવૃતિ લીધા પછી શ્રી પ્રભાશંકર પટ્ટણી જે પ્રાઈવેટ સેક્રેટરી હતા તેમને હજુર સેક્રેટરી તરીકે નીમવામાં આવ્યા.

રાજયના દરેક ખાતાનોનું ખર્ચ બની શકે તેટલું ઓછું કરવા માટે ત્રણ અધિકારીઓની એક સમિતિ નીમવામાં આવી હતી. તે સમિતિના અધ્યક્ષ તરીકે ઇંગ્લેન્ડથી ખાસ બોલાવવામાં આવેલા ભાવનગર રાજયના જૂના વહીવટદાર અને શુભેચ્છક એવા મિ.પર્સિવલને નીમવામાં આવ્યા હતાં તેમને ઘણો આગ્રહ કરવામાં આવ્યો હોવા છતાં તેમણે કાંઇપણ પગાર લીધાવીના આ કાર્યમાં મદદરૂપ થવાનું સ્વીકાર્યું હતું. મિ.પ્રોક્ટર સિમ્સ અને શ્રી પ્રભાશંકર પટ્ટણી તે સમિતિના બીજા બે સભ્યો હતાં. આ સમિતિની તપાસના પરિણામે રાજયનું બિનજરૂરી ખર્ચ ઓછું થઈ શક્યું હતું. આમ ૨૦મી સદીના પ્રારંભે ભાવનગર રાજયના વહીવટીતંત્રે આધુનિક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આંકડાકીય માહિતી વૈજ્ઞાનિક ઢબે એકત્રિત કરવાની તથા સર્વેક્ષણ કાર્ય કરવાની શરૂઆત થઇ ગઈ હતી. શિક્ષણ, આરોગ્ય, જાહેર બાંધકામ જેવા પ્રજાકલ્યાણલક્ષી વિભાગો સારી રીતે કામ કરતાં હતાં અને તેના કર્મચારીઓ પણ કાર્યદક્ષ હતાં. દીવાનની મદદમાં નાયબ દીવાન અને ન્યાયકીય મદદનીશ નીમવામાં આવ્યા હતાં. કારોબારી તથા ન્યાયતંત્રને જુદા રાખવાની પદ્ધતિ આ સમયમાં પણ ભાવનગર રાજયે ચાલુ રાખી હતી. ન્યાયતંત્રની ટોચે હજુર કોર્ટ હતી અને તેના વડા રાજવી પોતે હતાં. મોટાં શહેરોની સ્થાનિક સ્વશાસનની વ્યવસ્થા માટે સરકારી અને બિનસરકારી સભ્યોની દેખરેખ હેઠળ ચાલતી સુધારાઈઓ પણ હતી. મુંબઈ પ્રાંતનું અનુકરણ કરીને ભાવનગર રાજયે પણ વીસમી સદીના પ્રારંભથી રાજયનો વાર્ષિક એડમિનીસ્ટ્રેશન રિપોર્ટ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું હતું.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આ અઠવાડિયે, તમારી અતિશય આહાર અને વારંવાર ખાવાની ટેવ તમને થોડી સમસ્યાઓ આપી શકે છે. તેથી, તમારા માટે આ આદતને વહેલી તકે સુધારવી અને તેને યોગ્ય રીતે લાવવી વધુ સારું રહેશે. ઉપરાંત, સ્વસ્થ રહેવા માટે, તમે નિયમિત કસરત પણ કરી શકો છો. જો તમે સટ્ટાબાજી અથવા શેર બજારમાં તમારા નાણાંનું રોકાણ કર્યું હોત, તો આ અઠવાડિયામાં તમને ખૂબ મોટી ખોટ થવાની સંભાવના છે. ઉપરાંત, એવી શક્યતા છે કે તે પૈસા પાછા મેળવવા માટે તમે તમારા વધુ પૈસા ખોટા કામમાં લગાવી શકો. તેથી, શક્ય તેટલું સટ્ટો લગાવવા જેવી ખોટી આદતોથી પોતાને દૂર રાખવા માટે, આ અઠવાડિયું તમારા માટે વધુ સારું રહેશે. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. આ અઠવાડિયા દરમ્યાન તમારી લવ લાઇફ ખૂબ સારી રહેશે, જેના કારણે તમે સમય સમય પર તમારા પ્યારુંને સારી ભેટ આપશો. તમારા દ્વારા કરવામાં આવેલા આ પ્રયત્નો તમારા પ્રેમી પર અસર કરશે અને તેમનું વલણ તમારા તરફ આગળ વધશે.

**વૃષભ - (બ, વ, ઉ)** આ અઠવાડિયે, તમારે દરરોજ વર્કઆઉટ, યોગ અથવા કસરતથી પ્રારંભ કરવો પડશે. આ સમય દરમિયાન, જો તમે તમારા પરિવારના સભ્યોને પણ પ્રોત્સાહિત કરો છો, તો પછી તમે તમારી જાતને અને તેમને સ્વસ્થ રહેવામાં સફળ થઈ શકો છો. કારણ કે સવાર એ સમય છે જ્યારે તમે પોતાને વિશે સારું લાગવાનું શરૂ કરીને, દિવસભર પોતાને સકારાત્મક રાખી શકો. તેથી તેને તમારી રૂટિનમાં શામેલ કરો અને નિયમિતપણે કરવાનો પ્રયાસ કરતા રહો. અઠવાડિયું તમારા માટે ખૂબ ફાયદાકારક નથી, તેથી તમારા ખિસ્સા પર નજર રાખો અને અતિશય ખર્ચ કરવાનું ટાળો. નહિંતર, નાણાકીય સંકટને લીધે, તમારે પરિવારના અન્ય સભ્યોમાં શરમ અનુભવી શકે છે. આ અઠવાડિયે, તમારા માતાપિતા અથવા તમારા અંગત જીવનમાં ભાઇ-બહેનો દ્વારા વધુ પડતી દખલ તમને તાણ આપી શકે છે. આ સમય દરમ્યાન તમારું વલણ તેમના પ્રત્યે ખૂબ ખરાબ રહેશે, જેના કારણે ઘરે તમારું સન્માન પણ ઘટશે. આ સમય લવ લાઇફનો સમય એકબીજા પરના તમારા વિશ્વાસને મજબૂત કરવા માટે આવશે. કારણ કે આ સમય દરમ્યાન તમારા જીવનસાથીને તમારી સામે પોતાનું મન બોલવામાં કોઈ તકલીફ થશે નહીં, જે તમને તેમના જીવન સાથે જોડાયેલા ઘણા રહસ્યો જાણવાની તક આપી શકે છે.

**મિથુન - (ક,છ,ઘ) :-** તમને ખ્યાલ આવશે કે જો તમારું સ્વાસ્થ્ય સારું છે, તો તમે જીવનના દરેક પાસાઓનો આનંદ લઈ શકો છો. આ સમયગાળા દરમિયાન, આ રાશિના મોટાભાગના લોકો, આ મુદ્દાને અનુસરે છે, તેમની ખરાબ ટેવો સુધારવા માટે પ્રયત્ન કરશે. આગામી સપ્તાહ રોકાણની દ્રષ્ટિએ ખૂબ સારો રહેશે. કારણ કે આ સમય દરમ્યાન તમે કરો છો તે દરેક રોકાણો તમને પછીથી પૂરતો નફો આપે તેવી સંભાવના છે. આ બનશે કારણ કે આ સમયે, તમારી સંપત્તિ અને નાણાંના માસ્ટર સકારાત્મક સ્થિતિમાં હશે. આ અઠવાડિયે, તમારા રમુજી સ્વભાવને લીધે, તમે તમારા ઘર-પરિવારના વાતાવરણને સામાન્ય કરતા વધુ ખુશ બનાવશો. ઉપરાંત, આ સમયે એક અદ્દભુત સાંજ માટે, તમારા કેટલાક સંબંધીઓ અથવા મિત્રો પણ તમારા ઘરે આવી શકે છે. આ અઠવાડિયે, જાહેર સ્થળોએ કોઈની છેડતી કરવાનું ટાળો, નહીં તો તમે ઝઘડો કરી શકો છો. પરિણામે, તમારી છબી ફક્ત ખરાબ જ નહીં, પણ તમે તમારી જાતને એક મોટા કાનૂની વિવાદમાં ફસાઈ જશો. તમારી રાશિના નિશાનીમાં મહત્તમ ગ્રહોની સ્થિતિ સૂચવે છે કે તમારામાંથી કેટલાકને આ સમયગાળામાં તમારી નોકરીમાં સ્થાનાંતરણ અથવા સારા ફેરફારની સંભાવના છે. જો કે, શરૂઆતથી, તમારે તમારા ઉપરી અધિકારીઓ સાથેનો સંબંધ સુધારવો પડશે.

**કર્ક - (ડ, હ) :-** તમારે આ અઠવાડિયામાં ખાસ કરીને આલ્કોહોલ અથવા અન્ય દવાઓનું સેવન કરવાનું ટાળવું જોઈએ. કારણ કે યોગ બની રહ્યા છે કે તેનાથી ફક્ત તમારા સ્વાસ્થ્યને જ નુકસાન થશે નહીં, પરંતુ તમારો તાણ પણ વધશે. આ અઠવાડિયે તમારે એવા મિત્રો અથવા સંબંધીઓથી દૂર રહેવાની જરૂર છે કે જે તમારો લાભ ઉઠાવતા, તમારો પૈસા બધા સમય ખર્ચ કરવાનો પ્રયાસ કરે. વળી, આ રાશિનો ધંધો કરનારા લોકોને પણ અઠવાડિયાના શરૂઆતના દિવસોમાં કોઈ પણ પ્રકારનું રોકાણ કરવાનું ટાળવું પડશે. એકંદરે, પૈસાના મામલા માટે સમય સારો છે, પરંતુ તમારી જાતને જાગૃત રાખતી વખતે તમારે થોડી વધુ કાળજી લેવાની જરૂર રહેશે. સંભવ છે કે ફોન અથવા સોશિયલ મીડિયા દ્વારા તમને કોઈ દૂરના સંબંધી તરફથી કોઈ દુખદ સમાચાર મળશે. આને લીધે તમારા માતાપિતા તેમજ તમને થોડી ગભરામણનો અનુભવ થઈ શકે છે. આવી સ્થિતિમાં, શરૂઆતથી જ દરેક પરિસ્થિતિ માટે તમારી જાતને તૈયાર કરો.

**સિંહ - (મ, ટ) :-** આ અઠવાડિયે, તમારા સ્વાસ્થ્ય પર વધારે પડતું નિર્ભર ન થાઓ અને તમારા સ્વાસ્થ્યને સુધારવાનો પ્રયાસ કરો. કારણ કે તમે પણ આ વાતને ખૂબ સારી રીતે સમજો છો કે નસીબ પોતે ખૂબ જ આળસુ છે. તેથી, સારા સ્વાસ્થ્ય તરફ પણ તમારા પ્રયત્નો રાખો. આ અઠવાડિયે તમને નવી નવી તકો અને રોકાણની ઘણી તકો મળશે. પરંતુ તમારે ધ્યાનમાં રાખવું પડશે કે પ્રત્યેક રોકાણો તમારી તરફ આવે છે, બેસો, તેમને વિગતવાર ધ્યાનમાં લો અને તે પછી જ તમે તે યોજનાઓનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી જ તમારા નાણાંનું રોકાણ કરો. આની મદદથી, તમે તમારી જાતને વિવિધ જોખમોથી સુરક્ષિત કરી શકશો. આ અઠવાડિયે શક્ય છે કે તમે પારિવારિક જીવનમાં સામાન્ય ફળ મેળવશો. કારણ કે આ સમયે પરિવારના નાના સભ્યો માટે, તમે ઘરે જતા સમયે ભાટ અથવા ખાવા માટે જઈ શકો છો. જેના દ્વારા તેઓ ખુશ થશે, સાથે સાથે પરિવારના અન્ય સભ્યો પણ આ કારણથી ખુશ જણાશે. મનમાં કામના દબાણ હોવા છતાં, આ અઠવાડિયે તમારી પ્રેમિકા તમને આનંદની ક્ષણો લાવશે. જેથી તે તમારી સાથે બહાર જવાની ઇચ્છા પણ વ્યક્ત કરી શકે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આ અઠવાડિયામાં બધી સગર્ભા સ્ત્રીઓએ દૈનિક પ્રવૃત્તિઓ કરતી વખતે સાવધ રહેવાની જરૂર રહેશે. કારણ કે શક્ય છે કે જો તમે તમારી બેદરકારી તમને મુશ્કેલી આપવા માંગતા ન હો, તો જેના કારણે તમારો માનસિક તાણ પણ વધે છે, તમારે બે-ચાર રહેવું જોઈએ. આ અઠવાડિયે કોઈ નજીકના સંબંધીઓના ઘરે જવું તમારી આર્થિક સ્થિતિને બગાડે છે. કારણ કે શક્ય છે કે તેઓ તમારી પાસેથી કોઈ પ્રકારની આર્થિક સહાયની અપેક્ષા રાખે. આ અઠવાડિયે એવી આશંકા છે કે ભૂતકાળમાં પરિવાર સાથે કોઈ પ્રવાસ પર જવાનો કાર્યક્રમ ઘરના સભ્યની નબળી તબિયતના કારણે થોડા સમય માટે સ્થગિત થઈ શકે છે. આને લીધે તમે અને ઘરના બાળકો કંઈક નખુશ દેખાશે. ઘણી વાર આપણે આપણા જીવનસાથી સાથે ઘણી વાતો કરી શકતા નથી, તે વિચારીને કે તેમને સાંભળ્યા પછી તેને કેવું લાગે છે. પરંતુ આ સમયે આપણે સમજવાની જરૂર છે કે પ્રેમીએ આ પહેલાં કોઈ ત્રીજી વ્યક્તિ પાસેથી આ વસ્તુ જાણવી જોઈએ.

**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે તમે તમારી જાતને બીમારીનો અનુભવ કરી શકો છો. કારણ કે ક્ષેત્રમાં વધતા કામનું દબાણ અને બોજારૂપ કાર્ય તમને છેલ્લા કેટલાક અઠવાડિયાથી કંટાળી જશે, જેના કારણે હવે તમને મુશ્કેલી થશે. શક્ય છે કે તમે આ અઠવાડિયામાં એટીએમમાંથી પૈસા ઉપાડી શકો, પરંતુ કેટલાક કારણોસર પૈસા અથવા તમારું વોલેટ ખોવાઈ શકે છે. તેથી, આવી દરેક મુશ્કેલીઓ ટાળવા માટે, તમારે તમારી જાત સાથે સાવચેત રહેવાની જરૂર રહેશે. નહીં તો આ બાબતોમાં તમારી સાવચેતીનો અભાવ તમને મોટું નુકસાન પહોંચાડી શકે છે. તમે ઘણી વાર ઘરેલુ જવાબદારીઓથી ભાગતા જોવામાં આવશો, પરંતુ આ અઠવાડિયામાં આવું કરવું તમારા માટે ખૂબ મુશ્કેલ હોઈ શકે છે. કારણ કે કોઈપણ કિંમતે, આ સમય દરમિયાન, તમે ઘરને કારણે તમારી જવાબદારીઓથી છૂટકારો મેળવી શકશો નહીં, જેના કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. આ અઠવાડિયે તમે ઇચ્છો તો પણ તમારા પ્રેમીને મળવા માટે અસમર્થ હશો, જે તમારા બંનેના પ્રેમ અને રોમાંસને અવરોધે છે. આ પાછળનું કારણ તમારા બંનેના પરિવારની દખલ હોઈ શકે છે. જે લોકો તમારી રાશિની વિદેશી કંપનીમાં પહેલેથી જ કાર્યરત છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** આ અઠવાડિયે તમે માનસિક શાંતિનો અભાવ અનુભવશો, જેનાથી તમારામાં કંઇક ખલેલ આવશે. આ કિસ્સામાં, પોતાને વધુ વિક્ષેપિત કરવાને બદલે, માનસિક શાંતિ મેળવવા માટે, ધર્મ અને ધર્મની પ્રવૃત્તિઓમાં, શક્ય તેટલું ભાગ લઈ, શક્ય તેટલું દાન અને સખાવતનાં કાર્યમાં ભાગ લેવો. કારણ કે આનાથી સમાજમાં તમારી સ્થિતિમાં વધારો થશે, પરંતુ તમે તમારી જાતને માનસિક તણાવથી પણ ઘણી હદ સુધી દૂર રાખી શકશો. આ અઠવાડિયે તે તમારા માટે ખૂબ મહત્વનું રહેશે, કે તમારી નજીકના લોકો પર, ભાવનાઓને લીધે તમારે એટલો ખર્ચ કરવો નહીં પડે, જેના કારણે તમારે પછીથી બે થી ચાર સમસ્યાઓનો સામનો કરવો પડશે. તેથી, તમારા માટે તમારા નાના ખર્ચો આ અઠવાડિયે ફક્ત અને માત્ર સાચા બજેટથી ખર્ચ કરવો વધુ સારું રહેશે. કારણ કે ફક્ત આ દ્વારા, તમે તમારા નાણાંની હદ સુધી બચાવી શકશો. આ અઠવાડિયે, તમે આધ્યાત્મિકતાનો સહારો લઈને તમારા પારિવારિક જીવનમાં ઘણી સમસ્યાઓ દૂર કરતા જોશો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** તમારી રાશિના સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી, આ અઠવાડિયું સંપૂર્ણ રહેશે. કારણ કે આ સમય દરમિયાન તમારે કોઈ મોટી સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. આવી સ્થિતિમાં, આ સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. જો તમે સરકારી ક્ષેત્રે કામ કરી રહ્યા છો, તો પછી આ અઠવાડિયા તમારા માટે મહત્વપૂર્ણ અને સારા બનશે. કારણ કે આ સમયગાળા દરમિયાન તમને સરકાર તરફથી ફાયદા અને ઇનામ મળવાની સંભાવના રહેશે, જે તમને સારા સ્તરે નફો આપશે. આ અઠવાડિયે, કુટુંબના સભ્યની નોકરીને કારણે પરિવારની આવકમાં વધારો થવાના યોગ છે. જેનું મકાનનું નવીનીકરણ અથવા તેના નિર્ણયનો નિર્ણય, જે અગાઉ અટવાઇ ગયો હતો તે પૂર્ણ થઈ શકે તેવું ગણી શકાય. આ અઠવાડિયે, તમારા પ્રેમ સંબંધોને સુધારવા માટે, તમારે તે બધી ઇચ્છાઓને દૂર રાખવી પડશે, જેના કારણે તમને લાગે છે કે તમારો પ્રેમી તમારાથી દૂર થઈ શકે છે.

**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયે તમને મેદસ્વીપણા અથવા વજન વધવાની સમસ્યા થઈ શકે છે. આવી સ્થિતિમાં, નિયમિત કસરત અને યોગ દ્વારા, તમારે તમારું વજન જાળવી રાખવાની જરૂર છે. આ માટે તળેલી વસ્તુઓથી દૂર રહેવું. આ અઠવાડિયે તમારે બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખવાની જરૂર રહેશે. અન્યથા જરૂરિયાત સમયે તમારી પાસે પૈસાની અછત હોઈ શકે છે, જેના કારણે તમે ઉધાર પર પૈસા લઈને તમારી જાત પર વધારાના તાણનો ભાર વધારી શકો છો. આ અઠવાડિયે તમારે વાસ્તવિક વલણ અપનાવવાની જરૂર રહેશે. આ માટે, જો તમે મુશ્કેલીમાં છો, તો જ્યારે તમે કોઈની મદદનો હાથ લખો ત્યારે તમારે તેમની પાસેથી કોઈ ચમત્કારની અપેક્ષા કરવાનું ટાળવું પડશે. કારણ કે તમારે સમજવું પડશે કે અન્ય લોકો તમારી સાથે ઊભા છે, એવું નથી કે તમે તેમના કારણે મુશ્કેલીમાં છો. જો તમે તમારી લાગણીઓને પોતાના સુધી મર્યાદિત રાખશો, તો તે પ્રેમના સંબંધોમાં મુશ્કેલી .ભી કરી શકે છે. જો કે, તમે તમારી લાગણીઓને વ્યક્ત કરીને સંજીને ખુશ કરી શકો છો. જો જીવનસાથી ગુસ્સે છે તો સામાન્ય મિત્રની મદદથી તમે તેમને મનાવી શકો છો અને તમારા પ્રેમ જીવનમાં સકારાત્મકતા લાવી શકો

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** આપણું આરોગ્ય જીવનની વાસ્તવિક મૂડી છે, આ વસ્તુને આ અઠવાડિયામાં તમારા જીવનમાં અપનાવી લો, તમે તેને અમલમાં મૂકશો. જેના કારણે તમે ઘરે અને તમારા કાર્યસ્થળમાં વધુ સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટે, દરેક માનસિક તાણને બાયપાસ કરીને, લોકો સાથે ખુલ્લેઆમ મજાક કરશો. જેઓ હજી સુધી વિચાર કર્યા વિના પૈસા ઉડાવી રહ્યા હતા, તેઓને આ અઠવાડિયામાં ઘણા પૈસાની જરૂર પડી શકે છે. જેથી આ સમય દરમિયાન તમે સમજી શકો કે જીવનમાં પૈસાનું શું મહત્વ છે. તેથી તમારા ખર્ચ અંગેની તપાસ રાખીને જવાબદાર વ્યક્તિની જેમ વર્તે છે. પારિવારિક જીવન વિશે આ અઠવાડિયે, તમે ખુશ રહી શકો છો. કારણ કે યોગ કરવામાં આવી રહ્યા છે કે પરિવારમાં નવા વાહનની ખરીદી ઘરના વાતાવરણમાં સુસંગતતા લાવશે. આ ઉપરાંત, જો કોઈ સભ્ય ઘરે લગ્ન માટે પાત્ર છે, તો તેમના લગ્નની પુષ્ટિ મેળવીને, તમને સારી વાનગીઓ ખાવાની તક પણ મળશે. જો કે, આ સમયે તમે ઘરેલું પ્રવૃત્તિઓમાં ભાગ લેશો, જે તમને ઘરના અન્ય સભ્યો અને સંબંધીઓમાં માન આપશે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** સારા સ્વાસ્થ્ય માટે તમે છેલ્લા અઠવાડિયામાં જે સખત મહેનત કરી હતી, આ અઠવાડિયામાં તેના કરતા ઓછા પ્રયત્નો કર્યા પછી જ તમને સ્વસ્થ જીવન મળશે. કારણ કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયમાં, તમને ખૂબ નસીબ મળશે. આ અઠવાડિયે ડ્રાઇવિંગ કરતી વખતે વાહન ચલાવતા વાહનોએ વધુ કાળજી લેવાની જરૂર રહેશે. કારણ કે શક્ય છે કે તમે ટ્રાફિકના નિયમો જેમ કે ફોન ટોક, ઝડપી ગતિ વગેરેનું ઉલ્લંઘન કરશો, જેના માટે તમારે ભારે દંડ ભરવો પડશે. આ સિવાય નાણાંની ખોટની સાથે તમારે તમારો સમય બગાડવો પડી શકે છે. આ અઠવાડિયે, તમારે પારિવારિક બાળકો અથવા ઓછા અનુભવી લોકો સાથે વાતચીત દરમિયાન ધીરજ રાખવાની જરૂર છે. કારણ કે તેમની સાથે તમારા અભિપ્રાયના મતભેદો ઊભા થઈ શકે છે, જેના કારણે તમે અનિશ્ચિત ભાષા પણ વાપરી શકો છો, તમારો ધીરજ ગુમાવી શકો છો. આવી સ્થિતિમાં, પરિવારમાં તમારી છબીને નુકસાન થવાની સંભાવના રહેશે. તો હવે આવું કંઈ કરવાનું ટાળો. પ્રેમ સંબંધોમાં તમારા અસ્થિર સ્વભાવને લીધે, તમારે ન માંગતા હોવ તો પણ આ અઠવાડિયામાં તમારી પ્રેમિકા સાથે મતભેદ થઈ શકે છે. જેની સીધી અસર તમારા જીવનના જુદા જુદા ક્ષેત્રો પર જોવા મળશે અને તમે કોઈ પણ કામમાં તમારું મન મૂકી શકશો નહીં. આ અઠવાડિયે તમારી રચનાત્મક ક્ષમતામાં મોટો ઘટાડો જોવા મળશે, જેથી તમે મેઇલ, ઇન્ટરનેટ વગેરેના માધ્યમનો ઉપયોગ ન કરીને તમારા ઉપરી અધિકારીઓને ખુશ કરવામાં નિષ્ફળ થશો. આ ફક્ત તમારા પ્રમોશનને અસર કરશે નહીં.

### પાકિસ્તાન ભારત સામે ઘૂંટણિયે પડવા તૈયાર છે


# વેપારીઓએ વડા પ્રધાનને ભારત સાથે વેપાર વધારવા માટે વાતચીત શરૂ કરવા વિનંતી કરી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના વેપારી લોકોએ વડા પ્રધાન શહેબાઝ શરીફને ભારત સાથે વેપાર વધારવા માટે વાતચીત શરૂ કરવા વિનંતી કરી છે. તેમણે શરીફ સાથે સંવાદ સત્રમાં આ વિનંતી કરી હતી. વેપારીઓએ કહ્યું કે વેપાર શરૂ થયા બાદ રોકડની તંગીથી પીડિત પાકિસ્તાનની અર્થવ્યવસ્થાને ઘણો ફાયદો થશે. બુધવારે સિંધના સીએમ હાઉસમાં એક કલાક ચાલેલી બેઠક દરમિયાન ઘણા મોટા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. કરાચીના વેપારી સમુદાયે આર્થિક મુદ્દાઓને ઉકેલવા માટે વડાપ્રધાનના નિર્ધારની પ્રશંસા કરી પણ તેમને અર્થતંત્રની સુધારણા માટે રાજકીય સ્થિરતા લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ પણ આપી.

ડૉન અખબારે અહેવાલ આપ્યો છે કે, વડા પ્રધાને નિકાસ દ્વારા અર્થતંત્રને વેગ આપવાના માર્ગો શોધવા માટે વેપારી સમુદાય સાથે બેઠક યોજી હતી. જો કે, તેના નિર્ણયને ઉદ્યોગના લોકો તરફથી આશંકાઓનો સામનો કરવો પડ્યો. ઉદ્યોગના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે વર્તમાન સંજોગોમાં, ખાસ કરીને વધતા ઉર્જા ખર્ચ અને અસંગત સરકારી નીતિઓ સાથે વ્યવસાય કરવો "લગભગ અશક્ય" છે.

પીએમ શહેબાઝ શરીફ સાથેની



# મારુ ધ્યાન આઈપીએલ પર, પણ ટી૨૦ વર્લ્ડ કપમાં રમવા આતુર: ગિલ

મુંબઇ

બીસીસીઆઇ ટૂંક સમયમાં આઈપીએલ ૨૦૨૪ દરમિયાન ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી શકે છે. આવી સ્થિતિમાં દરેક ખેલાડી ટી-૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયામાં પસંદ થવા ઈચ્છે છે. જો કે આ વખતે જે ખેલાડીઓ આઈપીએલમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે, બીસીસીઆઈના પસંદગીકારો તેમને ટીમ ઈન્ડિયામાં તક આપી શકે છે. હવે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે ટી૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયામાં પસંદગીને લઈને મોટી વાત કહી છે.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં રમવા અંગે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે મારું ધ્યાન આઈપીએલ પર છે, હું મારી ટીમ માટે સારું પ્રદર્શન કરવા ઈચ્છું છું. હું વિચારું છું કે મારી ટીમ માટે કેવી રીતે સારું કરવું, જેથી ટીમના બાકીના ખેલાડીઓ પણ મદદ કરી શકે. જો મારી ટી-૨૦ વર્લ્ડ કપ માટે પસંદગી કરવી હશે તો હું ચોક્કસપણે પસંદ કરીશ. એક ખેલાડી તરીકે દરેક વ્યક્તિ વર્લ્ડ કપમાં રમવા માંગે છે અને હું પણ મારા દેશ માટે આ કરવા માંગુ છું. હું ગયા વર્ષે વર્લ્ડ કપ રમ્યો હતો, મને પણ થોડો અનુભવ છે. તેમ છતાં, હું આટલું આગળ વિચારી રહ્યો નથી.

આઈપીએલ ૨૦૨૪માં ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન શુભમન ગિલ સારા ફોર્મમાં જોવા મળી રહ્યો છે. ગિલે અત્યાર સુધી ૯ મેચમાં ૧૪૬ના સ્ટ્રાઈક રેટથી ૩૦૪ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૨૭ ફોર અને ૯ સિક્સર ફટકારી છે.

# આમિર ખાન એવોર્ડ ફંકશનમાં કેમ નથી જતો?

## મારા બાળકો મારી વાત સાંભળતા નથી : આમિર

મુંબઈ,

બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાનની ફની સ્ટાઈલ હવે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'માં જોવા મળશે. લાંબી રાહ જોયા બાદ આખરે આમિર ખાન કોમેડી શોમાં ગેસ્ટ તરીકે આવી રહ્યો છે. 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નો નવો પ્રોમો સામે આવ્યો છે, જેમાં આમિર ખાન તેના બાળકો, એવોર્ડ શો, ફિલ્મો અને લગ્ન વિશે વાત કરતો જોવા મળી રહ્યો છે.

'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના પ્રોમોમાં આમિર ખાન કપિલ શર્મા અને તેની ટીમ સાથે ખૂબ જ મસ્તી કરતો જોવા મળી રહ્યો છે. ત્યારબાદ સવાલ-જવાબ દરમિયાન અર્ચના પુરણ સિંહ આમિરને પૂછે છે કે, આના પર આમિર ખાન કહે છે- 'સમય ખૂબ કિંમતી છે, તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.' આમિર પ્રોમોમાં કહેતો જોવા મળે છે કે, તેના બાળકો તેની વાત સાંભળતા નથી. આમિર કહે છે- 'આ આજે હું જે પહેરીને આવ્યો છું તેના વિશે એટલી લાંબી ચર્ચા થઈ હતી.' આમિરની વાત પર અર્ચના કહે છે - યાર, તમે વેલ ડ્રેસ્ડ છો. પછી આમિર કહે છે- જોકે, હું શોર્ટ્સમાં આવવાનો હતો પરંતુ તેમણે જીન્સ કહ્યું. કપિલે આમિરને પૂછ્યું- 'તમે એક ફિલ્મ બનાવી, અને તે એટલી સારી ન ચાલી.' આના પર આમિર કહે છે- 'તાજેતરમાં મારી છેલ્લી બે ફિલ્મો સારી નહોતી ચાલી.' આના પર કપિલ મજાકિયા અંદાજમાં કહે છે.

# T-20 ઈતિહાસમાં વર્લ્ડ રેકોર્ડ રન ચેઝ : પંજાબ કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને હરાવીને કર્યો ચમત્કાર

## અગાઉ ગયા વર્ષે દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝ સામે ૨૫૯ રનના લક્ષ્યાંકને ચેઝ કર્યો હતો

મુંબઈ,

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં શુક્રવારની રાત રેકોર્ડબ્રેક રહી હતી. હોમ ગ્રાઉન્ડ પર પ્રથમ બેટિંગ કરતા કોલકાતાએ ૨૦ ઓવરમાં ૨૬૧ રન બનાવ્યા હતા. ટૂર્નામેન્ટની ૧૭મી સિઝનમાં ૭મી વખત ૨૫૦થી વધુ રનનો સ્કોર પાર કર્યો હતો. એટલું જ ઓછું નહોતું કે પંજાબે માત્ર ૧૮.૪ ઓવરમાં આ રેકોર્ડ સ્કોરને ચેઝ કર્યો હતો. જે્-૨૦ ઈતિહાસમાં સૌથી સફળ ચેઝ છે. આ મેચમાં કુલ ૪૨ સિક્સર ફટકારવામાં આવી હતી, જે T20 મેચમાં પ્રથમ વખત બની હતી. PBKS vs KKR મેચના ટોચના રેકોર્ડ્સ : પંજાબ કિંગ્સે જોની બેયરસ્ટોની સદી અને શશાંક સિંહની ફિફ્ટીની મદદથી ૧૮.૪ ઓવરમાં ૨૬૨ રનના સ્કોરને ચેઝ કર્યો હતો. કોઈપણ્ ૨૦ મેચમાં આ સૌથી મોટો રન ચેઝ છે. અગાઉ ગયા વર્ષે દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝ સામે ૨૫૯ રનના લક્ષ્યાંકને ચેઝ કર્યો હતો. ત્યારે દક્ષિણ આફ્રિકાએ પણ ૧૯મી ઓવરમાં જ ટાર્ગેટ પુરો કરી લીધો હતો.



# વિકી કૌશલ કપાળમાં તિલક લગાવી અલગ જ અંદાજમાં જોવા મળ્યો

## 'છાવા'ના સેટ પરથી ફોટા વાયરલ થયા

મુંબઇ,

બોલિવૂડ એક્ટર વિકી કૌશલે તેની પ્રતિભા અને અદભુત એક્ટિંગ સ્કિલ્સને કારણે ખૂબ જ ઓછા સમયમાં ઈન્ડસ્ટ્રીમાં મજબૂત ઓળખ બનાવી છે. વિકી કૌશલ અત્યારે તેની આગામી ફિલ્મ છાવા માટે ખૂબ જ ચર્ચામાં છે. હવે 'છાવા'ના સેટ પરથી વિકી કૌશલના ડેશિંગ લુકની તસવીરો વાયરલ થઈ છે, વાયરલ ફોટામાં વિકી કૌશલ મોટી દાઢી અને લાંબા વાળ તેમજ ધોતી-કુર્તામાં અદભુત અવતારમાં જોવા મળી રહ્ય છે.

'છાવા'ના સેટ પરથી સામે આવેલી તસવીરોમાં વિકી કૌશલનો અવતાર જોવા જેવો છે. એક્ટર મોટી દાઢી, લાંબા વાળ, ગળામાં માળા અને ધોતી-કુર્તા પહેરીને જંગલમાં ફરતો જોવા મળે છે. વિકી કૌશલની તસવીરો 'છાવા'ના સેટ પરથી હોવાના કારણે ઈન્ટરનેટ પર હલચલ મચી ગઈ છે. દરેક વ્યક્તિ એક્ટરની અપકમિંગ ફિલ્મ અને તેના લુક વિશે વાત કરી રહ્યા છે.

અહેવાલો અનુસાર, વિકી કૌશલ ફિલ્મ 'છાવા'માં છત્રપતિ શિવાજી મહારાજના મોટા પુત્ર છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવતો જોવા મળશે. જોકે, 'છાવા'ના પાત્ર અને સ્ટોરીને લઈને વિકી કૌશલ અથવા મેકર્સ તરફથી કોઈ પુષ્ટિ મળી નથી. વિકી કૌશલના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, એક્ટર છેલ્લે ફિલ્મ 'સામ બહાદુર'માં સિલ્વર સ્ક્રીન પર જોવા મળ્યો હતો.





# અમે ધનિક લોકો, ગરીબ દેશોની લીગમાં રમવા નથી જતા : વીરેન્દ્ર સહેવાગ

મુંબઇ,

એક જમાનામાં વિસ્ફોટક બેટિંગ માટે જાણીતો ભારતીય ઓપનર સેહવાગ નિવૃત્તિ બાદ તેની રસપ્રદ અને ચતુરાઈભરી બોલ્ડ કોમેન્ટ્સ માટે ભારે લોકપ્રિય બન્યો છે. શું આગામી દિવસોમાં ભારતીય ખેલાડીઓ વિદેશની લીગમાં રમતાં જોવા મળશે? તેવા ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિકેટકિપર ગીલક્રિસ્ટના જવાબમાં સેહવાગે તીખો કટાક્ષ કરતાં કહ્યું હતુ કે, ના. અમારે તેની જરુર જ પડતી નથી. અમે તો ધનિક લોકો છીએ એટલે અમારે ગરીબ દેશોની લીગમાં ભાગ લેવા માટે જવું પડતું નથી.



એક પોડકાસ્ટમાં ગિલક્રિસ્ટ અને સેહવાગ વચ્ચે વાતચીત થઈ હતી. સેહવાગે બિગ બેશ લીગમાં તેને થયેલી સાવ સાધારણ રકમ અંગેનો ઉલ્લેખ પણ કર્યો હતો. સેહવાગે કહ્યું કે, હું ત્યારે ભારતીય ટીમમાંથી પડતો મૂકાયો હતો અને આમ છતાં આઈપીએલમાં રમતો હતો.

આ તબક્કે બિગ બેશ લીગમાં રમવા માટે ઓફર મળી હતી. તેમણે ત્યારે મારી સમક્ષ એક લાખ ડોલરની ઓફર મુકી હતી. ૪૫ વર્ષના સેહવાગે હળવી શૈલીમાં જણાવ્યું કે, ત્યારે મેં તેમને કહ્યું કે, આટલી રકમ તો મારા એક વેકેશનની પાછળ ખર્ચી શકું તેમ છું.



# કરીના કપૂર દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા પહોંચી

## બિગ બી પણ અભિષેક સાથે જોવા મળ્યા

મુંબઈ,

કરીના કપૂર ખાન દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા બુધવારે સાંજે મુંબઈના ખાર વિસ્તારમાં ખાર જિમખાના પહોંચી હતી. ત્યાં દિવ્યાંગો માટે વ્હીલ ચેર દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કરીના કપૂર ત્યાં પહોંચી અને વિજેતાને એવોર્ડ પણ આપ્યો. આ પ્રસંગે તેમની સાથે સામાજિક કાર્યકર નિખિલ રૂપારેલ પણ હાજર રહ્યા હતા. આ સિવાય અમિતાભ બચ્ચન પુત્ર અભિષેક બચ્ચન સાથે શહેરમાં જોવા મળ્યા હતા. રશ્મિકા મુંબઈ એરપોર્ટ પર જોવા મળી હતી.

કરીના કપૂર કેઝ્યુઅલ આઉટફિટમાં ખાર જિમખાના પહોંચી હતી. તેમણે વિકલાંગોને પ્રોત્સાહિત કર્યા અને તેમની સાથે લાંબા સમય સુધી વાત પણ કરી. હાલના કામ વિશે વાત કરીએ તો, તેની તાજેતરની ફિલ્મ 'ક્રૂ'એ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી છે. આ ફિલ્મમાં તેની સાથે ક્રિતી સેનન અને તબ્બુ પણ જોવા મળી હતી.

અમિતાભ બચ્ચન પણ પુત્ર અભિષેક બચ્ચન સાથે શહેરમાં જોવા મળ્યા હતા. હંમેશની જેમ સફેદ કુર્તા સાથે સાલ રાખી હતી.રશ્મિકા પણ મુંબઈ એરપોર્ટ પર શાનદાર અને આરામદાયક અંદાજમાં જોવા મળી હતી. તે ટૂંક સમયમાં અલ્લુ અર્જુન સાથે 'પુષ્પા-૨'માં જોવા મળશે.

# ૩૦૦ રૂપિયાની ચોરી કરતા કેદીને ૫ મહિનાની સજા

## જેનો જેલમાં ખાવા પાછળ થનાર ખર્ચ રૂપિયા ૧ લાખ ૨૦ હજાર

નવીદિલ્હી,

તિહાડ જેલના મહાનિદેશક સંજય બેનીવાલે કહ્યું કે, લગભગ ૭૦૦ કેદીઓને હોટલ ઉદ્યોગમાં નોકરી મળી છે અને ૧૨૦૦થી વધારે બંદી જેલમાંથી બહાર આવ્યા બાદ વિવિધ ક્ષેત્રોમાં કામ કરવા માટે ટ્રેનિંગ પ્રાપ્ત કરી રહ્યા છે. પીટીઆઈ મુખ્યાલયમાં એજન્સીના સંપાદકો સાથે વાતચીતમાં ૧૯૮૯ બૈચના ભારતીય પોલીસ સેવાના અધિકારી બેનીવાલે કહ્યું કે, તેઓ એવા કેદીઓની દેખરેખથી ખુશ થાય છે, જેમને જેલની સજા કાપ્યા બાદ નોકરી મળે છે. ચંડીગઢના પોલીસ મહાનિદેશક રહી ચુકેલા બેનીવાલ નવેમ્બર ૨૦૨૨થી તિહાડ જેલમાં મહાનિદેશક તરીકે તૈનાત છે. તિહાડમાં પોતાના કાર્યકાળમાં જેલ સુધાર પર એક સવાલનો જવાબ આપતા બેનીવાલે કહ્યું કે, અમને જેલની અંદર શહેરી વિકાસ મંત્રાલયની મદદથી કૌશલ વિકાસ કાર્યક્રમ શરુ કર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત લગભગ ૭૦૦ કેદીઓને હોટલ ઉદ્યોગમાં નોકરી મળી છે અને ૧૨૦૦ કેદી હોસ્પિટલમાં નોકરી માટે ટ્રેનિંગ લઈ રહ્યા છે. તિહાડ જેલમાં ક્ષમતાથી વધારે કેદીઓ હોવા સંબંધિત સવાલના જવાબમાં બેનીવાલે કહ્યું કે, વધારે જેલ બનાવવાનું કોઈ સમાધાન નથી. તિહાડમાં ૧૦,૦૦૦ની સ્વીકૃત ક્ષમતાની તુલનામાં ૨૦,૦૦૦ કેદી છે. દિલ્હીમાં ત્રણ જેલ પરિસર-તિહાડ, રોહિણી અને મંડોલી છે. તથા આ તમામમાં કેન્દ્રીય જેલ છે. તેમણે કહ્યું કે અન્ય વિકલ્પો અથવા દંડીત કરવાની વધુ સારી રીતે શોધી શકાય છે. બેનીવાલે એક ઉદાહરણ આપતા કહ્યું કે, હાલમાં એક યુવકને ખિસ્સાકાતરુના કેસમાં ૩૦૦ રૂપિયા ચોરવાના કેસમાં પકડ્યો, તેને તિહાડમાં લાવવામાં આવ્યો, જામીન મળ્યા ત્યાં સુધીમાં તે પાંચ મહિના સુધી જેલમાં રહ્યો. તેમણે કહ્યું કે, હું દરરોજ દરેક કેદી પર દરરોજ ૮૦૦ રૂપિયાનો ખર્ચ કરી રહ્યો છું. જેની કિંમત અમને દર મહિને લગભગ ૨૪,૦૦૦ રૂપિયા આવે છે. આ ૩૦૦ રૂપિયાની ચોરીની સજા માટે મેં તમારા પૈસા ખર્ચ કર્યા.

# ૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયામાં વિકેટકીપર બેટ્સમેન તરીકે ધોની ટીમ ઈન્ડિયામાં વાપસી કરશે એવી ચર્ચા

મુંબઇ,

આઈપીએલ ૨૦૨૪ ચાલી રહી છે અને ટૂર્નામેન્ટની અડધાથી વધુ મેચો રમાઈ ચૂકી છે. આ સિઝન દરમિયાન સૌથી વધુ ચર્ચા એ થઈ રહી છે કે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ટીમ ઈન્ડિયામાં કોને સ્થાન મળશે ? ટૂર્નામેન્ટના શરૂઆતના કેટલાક દિવસો સુધી વિરાટ કોહલી ચર્ચાના કેન્દ્રમાં રહ્યો પરંતુ ધીમે-ધીમે વિકેટકીપરનો મુદ્દો ગરમાયો, જેના માટે ઘણા દાવેદારો હતા. હવે તેમાંથી કોને તક મળવી જોઈએ તે અંગે દરેકના અલગ-અલગ અભિપ્રાય છે. આ બધાની વચ્ચે અચાનક એમએસ ધોનીની ટીમ ઈન્ડિયામાં વાપસીનો મુદ્દો ઉભો થયો છે, જેણે એક નવી ચર્ચાને જન્મ આપ્યો છે. તો શું ચીફ સિલેક્ટર અજીત અગરકર ખરેખર કંઈક ચોંકાવનારું કામ કરવા જઈ રહ્યા છે?

ટીમ ઈન્ડિયા અને ચેન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન ધોની આ દિવસોમાં આઈપીએલ ૨૦૨૪માં પોતાની પ્રતિભા બતાવી રહ્યો છે. ઘૂંટણની ઈજાની સમસ્યા હોવા છતાં, ધોની દરેક મેચમાં સંપૂર્ણ ૨૦ ઓવર માટે વિકેટકીપિંગ કરી રહ્યો છે, પરંતુ જ્યારે બેટિંગની વાત આવે છે, ત્યારે તે માત્ર છેલ્લી ૨-૩ ઓવરમાં જ આવે છે અને તેમાં પણ કમાલ બેટિંગ કરી રહ્યો છે, જેના કારણે હવે ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયામાં તેને સ્થાન આપવાની ચર્ચા શરૂ થઈ ગઈ છે. પરંતુ શું આ ખરેખર થશે? આ ચર્ચા કોણ કરે છે અને શા માટે?

ધોનીએ ૨૦૨૦માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેણે છેલ્લે ૨૦૧૯ વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ત્યારથી, તે ફક્ત આઈપીએલમાં જ જોવા મળે છે, પરંતુ છેલ્લી સિઝનમાં અને ખાસ કરીને આ સિઝનમાં તેના પ્રદર્શને ચાહકોને ખુશ કરી દીધા છે. આવી સ્થિતિમાં, વિકેટકીપરને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે, શું ધોની નિવૃત્તિ છોડીને ટીમ ઈન્ડિયામાં વાપસી કરી શકશે? આ ચર્ચા ચર્ચાએ જોર પકડયું છે.



# કરોડોની રુપિયાની માલિક પ્રિયંકા ચોપરાનો પરિવાર પુણેમાં ભાડે રહેશે

પુણે,

પ્રિયંકા ચોપરાનો પરિવાર પુણેમાં એક ઘર ભાડે લીધું છે. જેના માટે દર મહિને લાખો રુપિયાનું ભાડું ચુકવશે. ચોપરા પરિવારે એક બંગલો ભાડે લીધો છે. અભિનેત્રીની માતા મધુ ચોપરા અને ભાઈ સિદ્ધાર્થ ચોપરાએ કંપની સાથે ડીલ પણ કરી લીધી છે.

આ સિવાય રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, દસ્તાવેજ અનુસાર બંગલાનું ભાડું ૨ લાખ રુપિયા દર મહિનાનું છે. રિપોર્ટ અનુસાર મધુ અને સિદ્ધાર્થએ ૨૧ માર્ચના રોજ પ્રોપર્ટી માટે રજીસ્ટ્રેશન કર્યું છે. તેમજ પુણેના આ બંગલા માટે ૬ લાખ રુપિયાની ડિપોઝીટ પણ જમા કરી દીધી છે. ચોપરા પરિવાર આ બંગલા માટે દરમહિને ૨.૦૬ લાખ રુપિયાનું ભાડું આપશે, આ બંગલો પુણેના કોરેગાવ પાર્કમાં આવેલો છે. બોલિવુડ અભિનેત્રી પાસે પુણેમાં ૨ પેન્ટ હાઉસ હતા. જેમને વેચી નાંખ્યા છે.

બોલિવુડમાં સફળ હોવાની સાથે હોલિવુડમાં પણ



પ્રિયંકા ચોપરાનું મોટું નામ છે. તમને જણાવી દઈએ કે, પ્રિયંકા ચોપરા એક સફળ બિઝનેસવુમન પણ છે. પ્રિયંકા ચોપરાની શેમ્પુથી લઈ કંડીશનર સુધી પ્રોડક્ટમાં લાબું લિસ્ટ છે. બોલિવુડમાં સફળ હોવાની સાથે હોલિવુડમાં પણ પ્રિયંકા ચોપરાનું મોટું નામ છે. તમને જણાવી દઈએ કે, પ્રિયંકા ચોપરા એક સફળ બિઝનેસવુમન પણ છે. પ્રિયંકા ચોપરાની શેમ્પુથી લઈ કંડીશનર સુધી પ્રોડક્ટમાં લાબું લિસ્ટ છે.

# જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીએ ફેસબુકના માધ્યમથી કર્યો લાઈવ સંવાદ

રાજકોટ , - આગામી લોકસભાની ચૂંટણીમાં પહેલીવાર મતદાન કરનારાઓમાં 'વોટિંગ ઈઝ અ ન્યુ કુલ' સૂત્રને સાકાર કરવા રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લાની વિવિધ કોલેજોમાં કુલ ૭૭ કેમ્પસ એમ્બેસેડરની નિમણૂક કરવામાં આવી છે. ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીની અધ્યક્ષતામાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીની ઉપસ્થિતિમાં ફેસબુક લાઈવ પ્રોગ્રામ મારફતે કોલેજના કેમ્પસ એમ્બેસેડર્સ અને વિદ્યાર્થીઓને મતદાન પ્રક્રિયામાં જોડાવા પ્રેરિત કર્યા હતા.

રાજકોટ જિલ્લા કલેકટરશ્રીએ ખાસ કરીને કોલેજીયનોને મોબાઈલ ફોનનો સદુપયોગ કરીને ઈન્ટરેસ્ટિંગ રીલ અને મીમ બનાવી તેને અપલોડ કરીને મતદાન જાગૃતિ અભિયાનમાં સહયોગી બનવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ મત આપવા માટે મતદાર કાર્ડનો ઉપયોગ કરવા તેમજ જો વોટર કાર્ડ ના હોય તો અન્ય પુરાવાઓના આધારે પણ અચૂક મતદાન કરવા ખાસ અપીલ કરી હતી. વધુમાં, કલેકટરશ્રીએ સેલિબ્રિટીઓની જેમ પોતે જ પોતાની કોલેજના એમ્બેસેડર હોવાનું વિદ્યાર્થીઓને કહીને 'મતદાન કરવા અને કરાવવા' સૂચનો આપ્યા હતા. સાથેસાથે યુવા મતદારોને મતદાનના દિવસે અને આકર્ષક કેપ્શન સાથે ફોટો પોસ્ટ કરવા પ્રોત્સાહન આપ્યું હતું.

વધુમાં, સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવી એ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી સોશિયલ મીડિયા હેન્ડલસની માહિતી સાથે વોટર હેલ્પલાઈન, સી વિજિલ, સક્ષમ, નો યોર કેન્ડીડેટ એપ્લિકેશન્સ અને ૧૯૫૦ વોટર હેલ્પલાઈન નંબર વિશે જાણકારી આપી હતી. મતદાનના દિવસે હીટવેવ સંદર્ભે મેડિકલ ફેસીલીટી અને ટ્રીટમેન્ટની વિગતો આપી હતી. તેમજ કોલેજીયનો પણ લોકશાહીની પ્રક્રિયામાં મતાધિકારનો ઉપયોગ કરીને સહભાગી બને, તેવો અનુરોધ કર્યો હતો.

રાજકોટ સંસદીય મતવિસ્તારના યુવાનોમાં મતદાન જાગૃતિ અર્થે સ્વીપ પ્રોગ્રામ અને સોશિયલ મીડિયા કેમ્પેઈન અંતર્ગત આયોજિત આ ફેસબૂક લાઇવ પ્રોગ્રામમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, આર.કે. યુનિવર્સિટી, મારવાડી યુનિવર્સિટી, આઈ.ટી.આઈ., ગવર્મેન્ટ પોલીટેકનિક કોલેજ સહિતની કોલેજોના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ તકે વિદ્યાર્થીઓએ 'મેં ભારત હું, ભારત હૈ મુજ મેં', 'હેઝટેગ કરીશું, સેલ્ફી લઈશું', 'હાઉ ટુ કાસ્ટ યોર વોટ'ના વીડિયોસ નિહાળ્યા હતા.

આ ફેસબૂક લાઇવ પ્રોગ્રામ માટે આઇ.સી.ટી. ઓફિસરશ્રી નમ્રતાબેન નથવાણી, ડિસ્ટ્રિક્ટ ઇન્ફોર્મેશન ઓફિસરશ્રી પલ્લવભાઈ તેંડુલકર, ટેલિકોમ આસિસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી મનોજભાઈ વર્મા, જીસ્વાન એન્જિનિયરશ્રી રાહુલભાઈ ત્રિવેદી સહિતની ટીમ એ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટમાં "મારો મત, મારો અધિકાર"ના સ્લોગનની મહેંદી અને રંગોળી બનાવી

રાજકોટ, લોકશાહીના મહાપર્વમાં લોકોનો જુસ્સો વધારવા ઠેર ઠેર મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. તેવામાં રાજકોટ સંસદીય વિસ્તાર વાંકાનેરના મનહરપુર રોણકી અને પડધરી તાલુકા ખાતે મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું હતુ.

આ મહાપર્વમાં વધુને વધુ મહિલાઓ મતદાન કરે તે માટે મહિલા મતદાતાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતુ. મહિલાઓએ પોતાના હાથમાં "મારો મત, મારો અધિકાર" સ્લોગનની મહેંદી મુકાવી હતી.




અને બાળાઓ અને મહિલાઓએ "MY VOTE,MY RIGHT"ની રંગોળી બનાવી હતી. આ તકે ઉપસ્થિત તમામ મહિલાઓએ મતદાન કરવા અને કરાવવાના શપથ ગ્રહણ કર્યા હતા.

# જસદણના મેઘપરમાં ૧૦૧ વર્ષના બુઝુર્ગ મતદારે કર્યું "હોમ વોટિંગ"

રાજકોટ, લોકસભાની સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ ઝુંબેશ ચાલી રહી છે. આ સાથે બુઝુર્ગ નાગરિકો તેમજ દિવ્યાંગ મતદાતાઓ સરળતાથી મતદાન કરી શકે તે માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

જે અંતર્ગત ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૮૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધજનો ઘર બેઠાં પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે (હોમ વોટિંગ) તેવી પહેલ કરવામાં આવી છે. જે અન્વયે રાજકોટ લોકસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ જસદણ વિધાનસભા મત વિસ્તારના મેઘપર ગામના વતની શ્રી કરમશીભાઈ હરદાસભાઈ વેકરીયા દ્વારા હોમ વોટીંગ સુવિધા અન્વયે મતદાન કરવામાં આવ્યું હતું. કરમશીભાઈ પોતે શતાયુ (૧૦૧ વર્ષ) હોવા છતાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાનું ચૂક્યા નથી. જે સમાજના અન્ય નાગરિકો માટે પ્રેરણાદાયી કિસ્સો છે. જસદણના વહીવટી તંત્ર દ્વારા લોકશાહીને જીવંત રાખતા આ મતદારને ગર્વની લાગણી સાથે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહત્વનું છે કે, આયુષ્યની સદી વટાવી ચૂકેલા કુલ ૬૫ મતદારોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

# રાજકોટમાં કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સોફ્ટ સ્કીલ ટ્રેનિંગ સેમિનાર યોજાયો

રાજકોટ, કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટના ઉપક્રમે સ્ટાફ મેમ્બર્સ અને રસ ધરાવનારા લોકો માટે ઓનલાઈન તથા સોફ્ટ સ્કીલ ટ્રેનિંગ સેમિનાર, જય મુરલીધર ફાર્મ, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે વીરાભાઈ હુંબલના સહકારથી યોજાઈ ગયો. જેમાં માસ્ટર ટ્રેનર ભરતભાઈ દુદકિયાએ સોફ્ટ સ્કીલ વિષયક ટ્રેનિંગ આપી હતી.

નેશનલ ટ્રેનર ભરતભાઈ દુદકિયાએ સોફ્ટ સ્કીલની એક બ્રાન્ચ 'ઈગો સ્ટેટ્સ' બાબતે પ્રેઝન્ટેશનના માધ્યમથી વિસ્તારપૂર્વક સમજ આપી હતી.



તેમણે સમજાવ્યું કે કોઈ પણ વ્યક્તિમાં ત્રણ વ્યક્તિ જીવિત હોય છે. આપણી અંદર એક બાળક, એક યુવાન અને એક વૃદ્ધ સતત હાજર હોય છે જે સમય અને સંજોગો પ્રમાણે પોતાનો પ્રભાવ બતાવે છે.

તેમણે અલગ અલગ બૌદ્ધિક રમતો રમાડીને અશક્યને શક્ય કેમ બનાવવું ? હકારાત્મક વિચારસરણી કેમ રાખવી ? એક સામાન્ય માણસમાંથી ટોપ પર કેમ પહોચવું સહિતની બાબતો વિષે સવિસ્તાર માહિતી આપી હતી.

આ સેમિનાર બાદ મિત્તલ ખેતાણીએ આખા સેમિનારનો સાર રજુ કર્યો હતો તો ટ્રેનરનો પરિચય આપી આભારવિધિ કૌશિકભાઈ મહેતાએ કરી હતી. સૌ સ્ટાફ મિત્રોએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો. સેમિનારનાં અંતે જય મુરલીધર ફાર્મના વીરાભાઈ હુંબલ, ચંદુભાઈ હુંબલ પરિવાર તરફથી મિલેટસ ડીનરની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# રાજકોટ કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલય દ્વારા સ્લોગન બેનર પ્રસિદ્ધ કરી મતદારોને પ્રેરિત કરાયા

રાજકોટ,આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને તા.૭ મે ૨૦૨૪ના રોજ ગુજરાત રાજ્યમાં મતદાન યોજાનાર છે. આ ચૂંટણીમાં વધુ ને વધુ મતદારો સહભાગીતા નોંધાય તે માટે આજરોજ શ્રી કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલય દ્વારા મતદાર જાગૃતિ અનુલક્ષીને વિવિધ સ્લોગન બેનર બનાવી મતદારોને મતદાન કરવા પ્રેરિત કરવામા આવ્યા હતાં.

વિદ્યાલય દ્વારા મતદાનની ફરજ અને અધિકાર વિશે "મત આપીશું, સંકલ્પ લઈએ, નહીં વિકલ્પ", " લોકશાહીનો ઉત્સવ મનાવીએ,મત આપીએ", "ભારત ભાગ્ય ઉદયે, મતદાન એ જ છે માર્ગ", " મત આપણો, મજબૂત આધાર, સર્વે સમૃદ્ધિ" જેવા વિવિધ સ્લોગન બેનર પ્રસિદ્ધ કરી લોકોને મતદાન અંગે પ્રતિબદ્ધ કરવા પ્રેરણા આપવામાં આવી હતી. આ સાથે ધોરાજી ગામમાં કચરો એકત્રિત કરતા ગાર્બેજ વાનમાં મતદારોને જાગૃત કરવા માટે સંદેશો પ્રસારિત કરી લોકોને મતદાન માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,વધુ ને વધુ મતદારો મતદાન કરવા બૂથ પર આવે તે માટે સ્વીપ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેમ અધિક કલેક્ટર તથા સ્વીપના નોડલ અધિકારી શ્રી જીજ્ઞાસાબેન ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં રીક્ષા ચાલકે મહિલાના ગુમ થયેલા દાગીના પરત કર્યા

રાજકોટ, રાજકોટમાં રીક્ષા ચાલકની પ્રામાણિકતા સામે આવી હતી. મોરબી રોડ પર રહેતા મહિલાના ગુમ થયેલા રૂા.૫ લાખના ૧૨ તોલા દાગીના પરત પોલીસને કરી સરાહનીય કામગીરી કરી હતી. જે અંગે પોલીસે પણ રીક્ષાચાલકની પ્રમાણિકતાને બીરદાવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગઈ તા.૨૧/૪ના સવારના આઠેક વાગ્યાની આસપાસ મોરબી રોડ પર જકાતનાકા પાસે રહેતા દક્ષાબેન ઈશ્વરભાઈ બારડ બી ડીવીઝન પોલીસ સ્ટેશને દોડી આવી જણાવ્યું હતું કે તે તેમના જેઠાણી સાથે લગ્ન પ્રસંગેથી પોતાના ઘરે પરત જતા હતા તે દરમ્યાન પોતાની પાસે રહેલ સોનાના દાગીના આશરે બાર તોલા તેમજ ચાંદીના દાગીના મળી કુલ રૂા.૫ લાખનો મુદ્દામાલ થેલીમાં રાખેલ હતો.



તેઓ પેડક રોડ, પારૂલ બગીચા પાસેથી એક રીક્ષામાં બેસી મોરબી રોડ જકાતનાકા પાસે ઉતરેલ હતા. જ્યાં પોતે પોતાની થેલી રીક્ષામાં ભુલી ગયેલ હતા અને રીક્ષા ત્યાં નીકળી ગયેલ હતી. જે રીક્ષાના નંબર કે રીક્ષાચાલક અંગે કોઈ માહિતી ન હોય જેથી આસપાસમાં તપાસ કરતા તે મળી આવેલ ન હતી. જે બાબતની ગંભીરતા લઈ બી ડીવીઝન પોલીસ મથકના એસ.એમ. જાડેજાની રાહબરીમાં કે.ડી. મારૂ સહિતના સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી પેડક રોડ, કુવાડવા રોડ, મોરબી રોડ તેમજ આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. ઉપરાંત પેડક રોડ પર સીસીટીવી ફૂટેજ ચેક કરતા તેમાં રીક્ષા જોવા મળેલ. જે રીક્ષા ભાવનગર રોડ પર ફરતી હોય તેથી થોરાળા પોલીસને પણ જાણ કરી હતી.

દરમિયાન જાણવા મળેલ કે રીક્ષા ચાલક બાબુભાઈ નાથાભાઈ દેત્રોજા (રહે. માંડા ડુંગર) થોરાળા પોલીસને જણાવ્યુ હતું કે તે ગઈકાલે રીક્ષાની સાફ સફાઈ કરતા હતા ત્યારે સીટ નીચેથી એક થેલી મળી આવી હતી. જેમાં જોતા સોના ચાંદીના દાગીના જોવા મળતા તેઓ પોલીસ મથકે દોડી આવ્યા હતા. બી ડીવીઝન પોલીસે સોના ચાંદીના દાગીના તેના મુળ માલીક મહિલાને પરત કરાવ્યા હતા અને રીક્ષાચાલકની પ્રામાણિકતાને બીરદાવી હતી.

# ઉપલા કાંઠે પરસોત્તમભાઈ રૂપાલાની પદયાત્રામાં છવાયો કેસરિયો

રાજકોટ, આગામી લોક્સભાની ચૂંટણી અન્વયે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ ધ્વારા વિવિધ વોર્ડમાં ડોર ટૂ ડોર લોક્સપંર્ક, જુથબેઠક, બુથ બેઠક, પ્રચાર-પ્રસાર, સાહિત્ય-પત્રિકા વિતરણ સહિતની કામગીરી વેગવંતી કરવામાં આવી છે ત્યારે રાજકોટ લોક્સભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ,સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો.દર્શીતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા,પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પૂર્વ મેયર ડો. પ્રદિપભાઈ ડવ સહીતના અગ્રણીઓ ધ્વારા વિધાનસભા-૬૮ના વિવિધ વિસ્તારો પેડક રોડ, રણછોડ નગર, સંત કબીર રોડ, કુવાડવા રોડ સહિતના વિસ્તારોમાં પદયાત્રા- લોક્સંપર્ક યોજાયો હતો.આ પદયાત્રાનો પ્રારંભ શ્રી બાલક હનુમાન મંદિર પાસે, વિધાનસભા-૬૮ના લોકપ્રિય ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના જનસેવા કાર્યાલય ખાતેથી વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ભવ્ય પ્રારંભ કરવામાં આવેલ હતો. આ તકે વંદે માતરમ અને ભારત માતા કી જય, અબ કી બાર ૪૦૦ કે પાર ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. અને લોક્સંપર્ક દરમ્યાન પરશોતમભાઈ રૂપાલા સહિત ભાજપ અગ્રણીઓને ફુલડે-ફુલડે વધાવી શહેરીજનો ધ્વારા અભૂતપૂર્વ અભિવાદન કરવામાં આવ્યું હતું અને કમળ તરફી મતદાન કરી પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડવાનો કોલ આપવામાં આવ્યો હતો. આ તકે પરષોતમભાઈ રૂપાલા, ઉદયભાઈ કાનગડ, મુકેશભાઈ દોશી, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શીતાબેન શાહ, નયનાબેન પેઢડીયા, અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, કમલેશ મિરાણી, સહિતનાઓએ રાજકોટ લોક્સભા બેઠકના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડથી વિજયી બનાવવા અનુરોધ કરેલ

# રાજકોટમાં સ્ટાર સિનર્જી હોસ્પિટલમાં નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



રાજકોટ, સ્ટાર સિનર્જી હોસ્પિટલ અને પારસ વિદ્યાલય રાજકોટના ઉપક્રમે નિઃશુલ્ક મલ્ટી સ્પેશ્યાલીટી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ . આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીને નિઃશુલ્ક દવાઓ તેમજ આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યું હતું. તેમજ આ કેમ્પમાં ડાયાબિટીસ(સુગર), બી.પી., (જરૂર પડેતો) જેવા રીપોર્ટ નિઃશુલ્ક કરી આપવામાં આવેલ.આ કેમ્પમાં આશરે ૩૦૦ જેટલા લાભાર્થી દર્દીઓએ વિવિધ ડોકટરોની સેવાનો લાભ લીધો હતો.

# રાજકોટમાં સિનિયર સિટીઝનોનું ઘેર બેઠા મતદાન શરૂ




રાજકોટ, ગુજરાતમાં આગામી ૭ મે ના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણી પૂર્વે સિનિયર સિટીઝનો માટે ઘેરથી જ બેલેટ પેપર મારફત મતદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો આજથી પ્રારંભ થયો હતો. રાજકોટના ૮૬ વર્ષીય સિનિયર સિટીઝન અરવિંદભાઈ સંઘવી ઘેરથી મતદાન કરતા નજરે પડે છે. તેમના નિવાસસ્થાને જ મતકુટિર ઉભી કરવામાં આવી હતી. અને વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. રાજકોટ લોકસભા વિસ્તારમાં ૧૩૦૦ જેટલા ૮૫ વર્ષથી વધુ વયના મતદારોએ બેલેટ પેપરથી પોતાના ઘરેથી જ મતદાન કરવા માટે સંમતિ ફોર્મ ભર્યું છે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં વિધાનસભા વિસ્તાર વાઈઝ આજથી આ મતદાનની પ્રક્રિયા શરૂ થઈ છે. જે ચાર દિવસ સુધી ચાલશે.

# રાજકોટના રેલનગરમાં રંગલા, રંગલીએ નાટક થકી આપ્યો અચૂક મતદાનનો સંદેશ

## મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશિપમાં મતદાન જાગૃતિ અંગે નાટક યોજાયું

રાજકોટ, રાજકોટના રેલનગરની મહર્ષિ દયાનંદ ટાઉનશિપમાં રંગલા અને રંગલી સહિતના કલાકારોએ હાસ્ય અને મનોરંજન સાથે નાગરિકોને અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. "લોકશાહીનો અવસર" એવી ચૂંટણી આવી પહોંચી છે ત્યારે, મહત્તમ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં, ૧૦-રાજકોટ સંસદીય મત વિસ્તારમાં મતદાન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે.

જે અંતર્ગત આજે મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશીપમાં "૧૦ મિનિટ દેશ માટે..." નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં



નાટકના કલાકારોએ લોકોનું મનોરંજન તો કર્યું જ, આ સાથે ચૂંટણી પંચે મતદાન માટે કરેલી વિવિધ તૈયારીઓ, સખી મતદાન મથકો, વિશેષ મતદાન મથકો, ચૂંટણી સંબંધિત માહિતી આપતી વિવિધ મોબાઈલ એપ્સ તેમજ મતદાનના મહત્વને વણી લઈને, અચૂક મતદાનનો સંદેશો આપ્યો હતો. મતદાનમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે "આ વખતે છે અમારી તૈયારી, કરીશું મતદાનમાં મોટી ભાગીદારી, અમે છીએ ગુજરાતની નારી" જેવા સૂત્રો સાથે મતદાન માટે ઉત્સાહ જગાવવામાં આવ્યો હતો. રંગલા-રંગલીનું આ નાટક જોવા મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા અને મતદાન અંગે જાગૃતિ કેળવી હતી. આ સાથે સૌએ મતદાન અંગે પ્રતિજ્ઞા પણ લીધી હતી. આ નાટક પૂર્વે ધોરણ ત્રણની હરિયાળી નામની બાલ છાત્રાએ પ્રભાવશાળી રીતે સૌને મતદાન માટે અપીલ કરી હતી.

આ આ સમયે પૂર્વ મામલતદાર કચેરીના વોર્ડ ઓફિસર શ્રી નીલમ બેલિમ, ઝોનલ ઓફિસર શ્રી અલ્પેશ વીરપરા, નાયબ મામલતદાર શ્રી નિલેશ સોરઠીયા, તથા બુથ લેવલ ઓફિસર અભિષેક ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથમાં પ્રજ્ઞાચક્ષ-સુરદાસો માટે ભાગવત કથા યોજાઈ

વેરાવળ, ૧૯ /૪ થી શરૂ થયેલી આ કથા નું આજરોજ ૨૫ / ૪ ના રોજ સમાપન કરવામાં આવ્યું



કચ્છના પંડ્યા પરિવાર સૌજન્યથી અને સોમનાથ ટ્રસ્ટના સહયોગથી યોજાયેલી આ કથામાં રાજ્યની વિવિધ અંધશાળાઓના તેમજ આવાસોમાં વસતા અઢીસો જેટલા સુરદાસોએ ભાગવત રસનું પાન કર્યું કચ્છના પંડ્યા પરિવાર દર વર્ષે જુદા જુદા તીર્થોમાં આ પ્રકારની અંધ સૂરદાસ માનવસેવા કરે છે આ અગાઉ હરિદ્વાર ઋષિકેશ શુકલતીર્થ લોએજ અને સોમનાથ ખાતે ભાગવત કથા યોજાઈ જે નવમું આયોજન હતું. જેમાં સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ ઉપસ્થિત રહી પ્રેરણાદાયક પ્રોત્સાહન આપ્યું કથામાં વ્યાસપીઠે ભક્તિ વેદાંત વન ગોસ્વામી મહારાજ વૃંદાવન એ કથા પાન કરાવ્યું અને આ પ્રસંગે ગુરુજીના ૨૨ શિષ્યો વિદેશ થી કથા શ્રવણ કરવા સોમનાથ પધારેલ અને કુલ ૨૫૦ પ્રજ્ઞાચક્ષુ શિષ્ય ભક્તોએ પણ હાજરી આપી આયોજકોએ તરફથી અંધજનોને લાવવા લઈ જવા રહેવા જમવા અને પ્રવાસમાં ચા પાણી ભોજન તથા સહાયકની વ્યવસ્થા કરવામાં આવી હતી કથામાં કચ્છ ભુજ રાજપીપળા ગરુડેશ્વર માધાપર શાંતિ નિકેતન અંધજન મંડળ ભચાઉ પેટલાદ વૃદ્ધાશ્રમ અંતે વાસીઓ આ કથા શ્રવણ કરી ધન્ય બન્યા

# પરેશભાઈ ગજેરા પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ : શહેરના બીગ બાજારની બાજુમાં શ્રીરાજ રેસીડન્સીમાં રહેતા જાહેર સમાજના અગ્રણી અને રાજકોટ બિલ્ડર એસોસીએશનના પ્રમુખ પરેશભાઈ ગજેરાના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. પરશોતમભાઈ રૂપાલાનું ગજેરા પરિવારના સભ્યો મનજીભાઈ ગજેરા, પરેશભાઈ ગજેરા, રસિકભાઈ ગજેરા, જયોતિબેન, દિપ્તીબેન સહિતનાએ સ્વાગત કર્યુ હતું. આ તકે રૂપાલાજીએ ગજેરા પરિવાર સાથે ભોજન ગ્રહણ કરેલ હતું.

# ગુર્જર સુથાર સમાજના યોજાયેલા સ્નેહમિલનના કાર્યક્રમમાં પ્રેરક હાજરી આપતા શ્રી પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ : અત્રે બાલભવનના સભાખંડમાં રાજકોટમાં વસતા ગુર્જર સુથાર સમાજનું વિશાળ સ્નેહ મિલન રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયુ હતું. આ પ્રસંગે મહાનુભાવોમા રાજયકક્ષાના સભ્ય શ્રી રામભાઈ મોકરીયા, મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, ધારાસભ્યો દર્શિતાબેન શાહ, શ્રી રમેશભાઈ ટીલાળા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા,વગેરે ઉપસ્થિત રહયા હતા. આ તકે શ્રી રૂપાલાજી એ ભાજપના ઉમેદવાર તરીકે તેમને પાંચ લાખથી વધુ લીડ મળે તે માટે બુથ કક્ષાએ સો એ સો ટકા મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

# ઉદ્યોગ અગ્રણી અને પૂર્વ કોર્પોરેટર જયંતિભાઈ સરધારાના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ : શહેરના હરીઘવા મેઈન રોડ પર આવેલ શ્રી રામપાર્ક સોસાયટીમાં રહેતા ઉદ્યોગકાર જયંતિભાઈ સરધારાના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. સરધારા પરિવાર ના જયંતિભાઈ, નીતિબેન, સાવનભાઈ સરધારા, હરેશભાઈ પડારીયા, નીસાબેન પડારીયા, સંજયભાઈ પડારીયા, મિતલબેન, વાસુ પડારીયા, જીલ પડારીયા વિગેરેએ પરશોતમભાઈ રૂપાલાનું સ્વાગત કર્યું હતું.

# રાજકોટમાં વસતા મોવીયા પરિવારજનોના યોજાયેલા સ્નેહમિલનના કાર્યક્રમમાં હાજરી આપતા રૂપાલા



રાજકોટ : શહેરના મવડી–કણકોટ રોડ સ્થિત પીરામીડ પાર્ટી પ્લોટમાં ધંધા–વ્યવસાય અર્થે રાજકોટ સ્થાયી થયેલા મોવીયા ગામના વતની એવા પરિવારજનોનાં એક સ્નેહમિલનના કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે રૂપાલાજીએ સૌને શુભેચ્છા પાઠવતા જણાવેલ કે કેન્દ્ર સરકાર ધ્વારા છેલ્લા દશ વર્ષમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલ નેત્રદીપક કામગીરીની વિગતો આપી હતી. આ તકે ભાજપના ઉમેદવાર તરીકે તેમને મત આપવા અને સગાં–સ્નેહી, મિત્રોને ૧૦૦ ટકા મતદાન કરાવવા માટે અપિલ કરી હતી. આ પ્રસંગે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ગોંડલના ગણેશસિંહજી જાડેજા, શૈલેષભાઈ સગપરીયા, ચિરાગભાઈ દુદાણી, મનીષભાઈ ગોલ સહિતના બહોળી સંખ્યામાં મોવીયાના વતની એવા પરિવારજનો ઉપસ્થિત રહયા હતા.

# આજે રાજકોટ બેઠકના ૧૪ હજારથી વધુ સરકારી કર્મચારીઓનું મતદાન

## સરકારી કર્મચારીઓ મતદાન કરી શકે તે માટે પ્રથમવાર એક્સચેન્જ મેળાનું આયોજનઃ સરકારી કર્મચારીઓ આજથી ચાર દિવસ કરશે મતદાન

રાજકોટ

ચૂંટણીપંચ દ્વારા આ વખતે લોકસભાની ચૂંટણીમાં સૌ પ્રથમવાર પોસ્ટલ બેલેટ માટે એક્ષચેંન્જ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ એક્ષચેંન્જ મેળો ગત તા.૧૫ના અમદાવાદ ખાતે યોજાયા બાદ હવે આગામી તા.૨૭ના બેલેટ પેપરનો બીજો એક એક્ષચેંન્જ મેળો યોજાશે. અગાઉ સરકારી કર્મચારીઓના મતદાનના પોસ્ટલ બેલેટ પોસ્ટ મારફત મોકલાતા હતા પરંતુ આ વખતે સૌ પ્રથમવાર આ પ્રકારનો મેળો આયોજીત કરવામાં આવી રહ્યો છે. આ મેળા મારફતે અન્ય જીલ્લાના કર્મચારીઓ કે જેઓ ચૂંટણી ફરજ માટે રાજકોટ મૂકાયેલ છે તેવા કર્મચારીઓના પોસ્ટલ બેલેટ રાજકોટ આવશે અને મતદાનનો લાભ લઈ શકશે.રાજકોટથી અન્ય સ્થાનો પર ફરજમાં મુકાયેલા કર્મચારીઓના બેલેટ અન્ય જીલ્લાઓમાં મોકલાશે. રાજકોટમાં અન્ય જીલ્લાના ૧૫ હજાર જેટલા કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરશે. જયારે રાજકોટથી બહાર ફરજ માટે ગયેલા



૭૦૦૦થી વધુ કર્મચારીઓ તેમના ફરજના સ્થળે મતદાન કરશે. આ તમામ કર્મચારીઓના પોસ્ટલ બેલેટ મતદાન બાદ સૌથી છેલ્લે તા.૧૧ના એકત્રિત કરાશે.

ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો ભાગ લઈ શકે તે માટે તમામ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. હાલમાં હજારો-લાખો કર્મચારીઓ અને સુરક્ષા કર્મચારીઓ ચૂંટણી ફરજ માટે તૈનાત છે. આ સિવાય સરહદ પર સેનાના જવાનો તૈનાત હોય છે. આવી સ્થિતિમાં આ લોકો પોતાની ફરજ છોડીને ચૂંટણીમાં મતદાન કરવા ઘરે જઈ શકતા નથી. આવા કર્મચારીઓ અને સૈનિકો માટે ચૂંટણી પંચ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરાવે છે. ચૂંટણી પંચ અગાઉથી નક્કી કરે છે કે, કેટલા લોકોને પોસ્ટલ બેલેટ આપવાના છે. ત્યારબાદ કાગળ પર છપાયેલા ખાસ બેલેટ પેપર આ લોકોને મોકલવામાં આવે છે. બેલેટ પેપર પ્રાપ્ત કર્યા પછી કાર્યકર તેના મનપસંદ ઉમેદવારને પસંદ કરે છે અને આ બેલેટ પેપર પોસ્ટ દ્વારા ચૂંટણી પંચને પરત કરે છે.

# રાજકોટ શહેરના છ પોઈન્ટ પર ટ્રાફિક પોલીસની ડ્રાઈવમાં ૪૦૩ એન.સી.કેસ નોધાયા



રાજકોટ,

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા અલગ અલગ પોઈન્ટ પર વાહન ચેકીંગ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં પુનિતગનર પાણીના ટાંકા પાસે ,બામણબોર, પરશુરામ ચોકડી, કાગદડી, કાળીપાટ ખાતે વાહન ચેકીગ કરી કુલ ૪૦૩ કેસ કરી ૧,૮૯,૮૦૦નો દંડ વસુલાયો હતો. તેમજ ઈન્ટસપ્ટરની ટીમોએ ઓવર સ્પીડના કેસો કરી ૧,૧૨,૦૦૦ના ચલણ અને ૧,૦૪,૦૦૦ના ચલણ ઈશ્યુ કર્યા હતાં. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરીની સુચના અને ડીસીપી ટ્રાફિક પૂજા યાદવની રાહબરીમાં એસીપી જે. બી. ગઢવી તથા ટીમના પીઆઈ બી. પી. રજયા, પીઆઈ એમ. જી. વસાવા, પીએસઆઈ જનકસિંહ રાણા, પીએસઆઈ ધાસુરા, પીએસઆઈ વી. એ. પરમાર, પીએસઆઈ આર. એસ. પરમાર, પીએસઆઈ બી. આર. પરમાર, પીએસઆઈ ચારણ, પીએસઆઈ સુમેરા, એએસઆઈ તૃષાબેન, એએસઆઈ સુધાબેન સહિતે આ કામગીરી કરી હતી.

# બેલ કંપનીની ઈજનેર ટીમ રાજકોટમાં, ઈ.વી.એમ. વીવીપેટની ચકાસણી શરૂ

રાજકોટ,

લોકસભાની ચૂંટણીના મતદાન આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે ઈવીએમ અને વીવીપેટ મશીન બનાવનાર બેલ કંપનીના ૧૪ ઈજનેરીની ટીમ આજે રાજકોટ આવી હતી અને ચૂંટણી અધિકારીઓને સાથે રાખી રાજકોટનાં ચારેય સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવેલ ઈવીએમ મશીન અને વીવીપેટ મશીનની રાજકીય પક્ષોના પ્રતિનિધિની હાજરીમાં ચેકીંગ શરૂ કર્યું છે. લોકસભાની ચૂંટણી જાહેર થઈ છે ત્યારે ગુજરાતમાં ત્રીજા તબક્કામાં આગામી તા.૭ મેના રોજ મતદાન યોજાનાર છે ત્યારે હવે મતદાનને ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે બેગ્લોરથી ઈવીએમ મશીન



અને વીવીપેટ બનાવનાર બેલ કંપનીના ૧૪ એન્જીનીયરોની ટીમ આજે રાજકોટ આવી પહોંચી હતી અને કલેકટર પ્રભવ જોષી અને ચૂંટણી અધિકારી નારણ મુછારને મળ્યા હતાં. બેલ કંપનીના એન્જીનિયરોની અલગ અલગ ચાર ટીમ બનાવી રાજકોટનાં ચારેય સ્ટ્રોંગરૂમ પર રાખવામાં આવેલ ઈવીએમ મશીન અને વીવીપેટ મશીનની આખરી ચકાસણી શરૂ કરવામાં આવી છે.રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈવીએમ અને વીવીપેટની ચકાસણી શરૂ કરવામાં આવી છે. જેમાં ઈવીએમ મશીનમાં રાજકોટનાં ભાજપ-કોંગેસ-બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર અને અપક્ષ ઉમેદવારો મળી ૯ ઉમેદવારો અને એક નાટો સાથેનું લીસ્ટ ઈવીએમ મશીનમાં મુકવામાં આવ્યું છે.રાજકીય પક્ષના પ્રતિનિધિની હાજરીમાં જ ઈવીએમ મશીનમાં મતદાનનું ટ્રાયલ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૦,૦૦૦ જેટલા ઈવીએમ મશીન અને વીવીપેટ મશીનને ફરી સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટ આર.સી.સી.બેંકનાં જનરલ મેનેજર પ્રકાશ શંખાવલા બેંકિંગ ક્ષેત્રની સ્પર્ધાત્મક પરીક્ષામાં સૌરાષ્ટ્રમાં પ્રથમઃ કેન્દ્રમાં ત્રીજા સ્થાને સફળતા

રાજકોટ,

ગુજરાત અર્બન-કો-ઓપરેટીવ બેંક ફેડરેશન અને કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી.અમદાવાદ સહઆયોજીત ગુજરાતની કો-ઓપરેટીવ બેંકોના સીઈઓ, ડીજીએમ, એજીએમ, સીસીઓ, સહીતના એકઝીકયુટીવ અને સિનીયર લેવલ સ્ટાફ મેમ્બર માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવેલ.

વિવિધ વિષયો ઉપર સપ્તાહના દર શુક્રવારે ઓનલાઈન દસ રાઉન્ડ રાખવામાં આવેલ જે તા.૧૯-૦૧-૨૦૨૪ને શુક્રવારથી પ્રારંભ થઈ તા.૨૨-૦૩-૨૦૨૪એ પૂર્ણ થયેલ.આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૮૭૫ બેંક અધિકારીઓએ નોમીનેશન કરાવેલ જેમાં પરીક્ષામાં પ્રથમ ૨૫ સફળતા મેળવનારાઓ મળી કુલ ૭૫ પરીક્ષાર્થીને પુરુસ્કૃત કરવામાં આવેલ તેમાંથી ધિ રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી.ના ડેપ્યુટી જનરલ મેનેજર પ્રકાશ શંખાવલા દસ રાઉન્ડ પૈકી ત્રણ રાઉન્ડમાં પ્રથમ પાંચમાં સમાવિષ્ટ થયેલ અને દસ રાઉન્ડના એકત્રીત માર્કસ જોતા તેઓનો પાંચમો નંબર આવેલ.સદર રાઉન્ડ પૈકી પ્રથમ પચાસ આવનાર પાર્ટીશીપેન્ટને તા.૧૩-૦૪-૨૦૨૪ને શનિવારનાં રોજ કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી-અમદાવાદ મુકામે ફાઈનલ ઓફલાઈન પરીક્ષા માટે પસંદગી કરવામાં આવેલ.જેમાં પ્રકાશ શંખાવલાનો ફાઈનલ રાઉન્ડમાં



સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંક અને કેન્દ્રમાં ત્રીજો ક્રમાંકે મેળવી બેકનું ગૌરવ વધારેલ છે.

પ્રકાશ શંખાવલાએ જણાવેલ કે, મે કોમર્સમાં ગ્રેજયુએશન, ડિપ્લોમાં ઈન કોમ્પ્યુટર સાયન્સ, કાયદાના સ્નાતક, ડિપ્લોમાં ઈન લેબર લો એન્ડ પ્રેકટીશ અને ડિપ્લોમાં ઈન કો-ઓપરેટેવ મેનેજમેન્ટમાં પ્રથમવર્ગમાં ઉતિર્ણ થઈ સદર પદવીઓ હાંસલ કરેલ.પરંતુ ખરાઅર્થે મારૂ ગ્રેજયુએસન પીપરીયા પાસે અને પોસ્ટ ગ્રેજયુએશન મે બીનાબેન કુંડલીયા પાસે રહી વાસ્તવીક પદવીઓ હાંસલ કરેલ છે.

આ તકે ડો.બીનાબેન કુંડલીયા જણાવે છે કે, સને ૨૦૧૩માં ડેપ્યુટી જનરલ મેનેજરની ખાલી પડેલ પોસ્ટ માટે જાહેરાત પ્રસિદ્ધ થતા પ્રકાશ શંખાવલાએ નોમીનેશન કરેલ જેમાં તેમનું કવોલીફીકેશન, અનુભવ અને ઈન્ટરવ્યુ લઈ રીક્રુટમેન્ટ કમીટીએ તેમની કલાર્કમાંથી સીધા ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે પસંદગી કરેલ ત્યારથી તેઓ બેંકની તમામ જવાબદારી સફળતા પૂર્વક અને પારદર્શકતાથી સંભાળી રહ્યા છે.

સાથે ગુજરાત સહીત ભારતભરની બેંકોના એકઝીકયુટીવ સાથે બેકીંગને લગતી તમામ બાબતોનું ઓનલાઈન આદાન-પ્રદાન કરે છે.સીઈઓ ડો.પીપળીયાએ જણાવે છે કે બેકિંગ ક્ષેત્રમાં પ્રકાશ શંખાવલા એન્સાયકલોપિડીયા તરીકે જાણીતા છે. આર.સી.સી.બેંકના ડીજીએમ પ્રકાશ શંખાવલાએ બેંકિંગ ક્ષેત્રની સ્પર્ધાત્મક પરીક્ષામાં સૌરાષ્ટ્રમાં પ્રથમ, કેન્દ્રમાં ત્રીજા સ્થાને સફળતા મેળવેલ તે બદલ આરબીઆઈના પૂર્વ અધિકારી જી.પી.મીસ્ત્રી અને કાલુપુર બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ પ્રકાશ શંખાવલાને સન્માનિત કરતા બાજુની તસ્વીરમાં આરસીસી બેંકના ચેરપર્સન ડો.બીનાબેન કુંડલીયા, સીઈઓ ડો.પુરૂષોત્તમ પીપરીયા,એજીએમ જુલી પીપરીયા પ્રકાશ શંખાવલાને તેમની અદ્વિતિય સિદ્ધી બદલ સન્માનિત કરતા દ્રષ્ટિગોચર થાય છે.

# યુવા મોરચાના કાર્યકરો સહિયારો પુરૂસાર્થ કરીને રાજયની ૨૬ લોકસભા બેઠકોમાં મોટી લીડથી કમળ ખીલાવેઃ શ્રી પરશોતમભાઈ રૂપાલા

## શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી સંદર્ભે ભાજપના યુવા મોરચાની બૃહદ કારોબારી બેઠક સંપન્ન

રાજકોટ :

આગામી તા. ૭ મેના રોજ યોજાનાર રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીના સંદર્ભે રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાની બૃહદ કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના કર્મઠ ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા એ પ્રેરક હાજરી આપી હતી. શ્રી પરશોતમભાઈ રૂપાલા એ યુવા મોરચાના કાર્યકરોને સંબોધતા જણાવ્યુ કે હવે લોકસભા ચૂંટણીના ગણત્રીના દિવસો બાકી હોઈને ત્યારે સહિયારા પુરૂષાર્થ કરીને રાજયની ૨૬ બેઠકોમાં કમળ પાંચ લાખથી વધુ લીડથી ખીલે તે માટે કટિબધ્ધ થવા અનુરોધ કર્યો હતો.પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંત કોરાટે યુવા ભાજપના કાર્યકરોને મહતમ મતદાન થાય તે માટે બુથ અને શકિત કેન્દ્ર સહ બેઠકો યોજવા જણાવ્યુ હતુ.તેમણે વધુમા જણાવ્યુ કે આગામી સમયમાં ચૂંટણીમાં ભાજપ તરફ સર્વત્ર કેસરીયો માહોલ સર્જવા રાજયમાં વિધાનસભા બેઠક સહ યુવા સંમેલનો અને બાઈક રેલીના શ્રેણીબધ્ધ કાર્યક્રમો યોજવામાં આવશે. પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરનાર શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ શ્રી કિશનભાઈ ટીલવાએ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મિલન લીંબાસીયાએ કર્યુ હતું.તેમજ આગામી સમયમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ અને શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવાની આગેવાનીમાં યુવા મોરચા ધ્વારા યોજાનાર



અનેકવિધ કાર્યક્રમોની માહિતી આપી હતી.

આ પ્રસંગે રાજયસભાના સભ્ય શ્રી રામભાઈ મોકરીયા, શહેર ભાજપ મહામંત્રીશ્રી અશ્વિનભાઈ મોલીયા પ્રદેશ ભાજપ યુવા મોરચાના મંત્રી અને રાજકોટ યુવા ભાજપના પ્રભારી શ્રી નિલેશ ચુડાસમા, મોરબી શહેર યુવા ભાજપ પ્રમુખ શ્રી સાગર સદાસીયા તથા પ્રભારી શ્રી હર્ષદિ કાવર અને યુવા મોરચાના અનેક કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ સિલ્વર મેન્યુફક્ચર્સ એસો. અને રાજકોટ ઈમીટેશન જવેલરી એસો. ધ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો

## સમગ્ર દેશને ભાજપના સુશાસનમાં વિશ્વાસ બેઠો છે કે ગંગોત્રી શુધ્ધ છેઃ ભાજપ સરકારની નીતિ, નિયત અને નેતૃત્વ પ્રમાણિક છે : ઉદયભાઈ કાનગડ

રાજકોટ :

આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભારતીય જનતા પાર્ટી ધ્વારા રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં પ્રચાર–પ્રસાર, લોકસંપર્ક સહીતના કામગીરી પૂર જોશમાં ચાલી રહી છે ત્યારે વિવિધ સમાજ અને એસોસીએશનો ધ્વારા પણ પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં સ્નેહમિલન સમારોહના આયોજનો થઈ રહયા છે ત્યારે શહેરના સામા કાંઠે પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ સિલ્વર મેન્યુફકચર્સ એસોસીએશન અને રાજકોટ ઈમીટેશન જવેલરી એસોસીએશન ધ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો. આ કાર્યક્રમમાં પરશોતમભાઈ રૂપાલા, વિધાનસભા–૬૮(રાજકોટ,પૂર્વ)ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.આ કાર્યક્રમનો પ્રારંભ પરશોતમભાઈ રૂપાલા, ઉદયભાઈ કાનગડ સહિતના અગ્રણીઓના હસ્તે દિપ પ્રાગટય કરી કરવામાં આવેલ હતો. આ તકે રાજકોટ સિલ્વર મેન્યુફકચર્સ એસોસીએશન અને રાજકોટ ઈમીટેશન આ તકે સ્વાગત પ્રવચન કરતા ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ જણાવેલ કે સમગ્ર દેશને ભાજપના સુશાસનમાં વિશ્વાસ બેઠો છે કે ગંગોત્રી શુધ્ધ છે. ભાજપ સરકારની નીતિ, નિયત અને



નેતૃત્વ પ્રમાણિક છે. સમગ્ર વિશ્વને હિન્દુસ્તાન પર ભરોસો બેઠો છે કે આ દેશમાં જબરજસ્ત બદલાવ આવી રહયો છે. નરેન્દ્રભાઈ મોદીનું દૂરંદેશીભર્યુ અને મજબૂત નેતૃત્વના કારણે દેશ હકારાત્મક અને યોગ્ય દિશાના વિકાસ તરફ આગેકદમ કરી રહયો છે.૯

આ પ્રસંગે રાજકોટ સિલ્વર મેન્યુફકચર્સ એસોસીએશન અને રાજકોટ ઈમીટેશન જવેલરી એસોસીએશન અનિલભાઈ તળાવીયા, મહેશભાઈ વેકરીયા, કલ્પેશભાઈ લુણાગરીયા, દેથળભાઈ પટેલ, રણજીતભાઈ આરજે, રાજેશભાઈ સાંઘાણી, હરેશભાઈ ગઢીયા, શૈલેષભાઈ લુણાગરીયા, દેવરાજભાઈ ગઢીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા અને કમળતરફી મતદાન કરી પરશોતમભાઈ રૂપાલાને જંગી બહુમતીથી જીતાડવા નિર્ધાર વ્યકત કર્યો હતો.

# જામ કંડોરણામાં ગૃહમંત્રી અમિત શાહે જાહેર સભા ગજવી







તસવીર : દિલિપ ગોહેલ

આજે ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસે છે સવારે પોરબંદરના જામ કંડોરણા ખાતે જાહેરસભા યોજી હતી આ સભામાં તેમણે યુવાનોને હાંકલ કરતા જણાવ્યું હતું કે બંન્ને ચરણમાં રાહુલ બાબાના સુપડા સાફ થઈ ગયા છે. ત્રીજા તબક્કામાં આપણે ગુજરાતમાંથી ૨૬ કમળ મોકલવાના છે. તેમણે કહ્યું કે પોરબંદરમાં હું આ પહેલી સભા કરૂ છુ ત્યારે ગુજરાતને અપીલ કરૂ છું કે ગાંધી-સરદારના ગુજરાતને મોદી સાહેબે દુનિયામાં વૈશ્વિક ઓળખ આપી છે. સમગ્ર સૌરાષ્ટ્રને ધમધમતુ કરવાનું કામ વડાપ્રધાને કર્યું છે કોંગ્રેસના પ્રમુખ કહે છે કે રાજસ્થાન અને ગુજરાતને કાશ્મિર સાથે શું લેવા દેવા ? પરંતુ કોંગ્રેસને ખબર નથી મારો જામ કંડોરણાનો કાશ્મિર માટે જીવ દેવા તૈયાર થઈ જાય. આ આજની સભામાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સભાને અર્જુન મોઢવાડિયાએ પણ સંબોધી હતી.

## રાજકોટના બિલેશ્વર રેલવે સ્ટેશન પાસે ટ્રેન અડફેટે યુવાનનું મોત

રાજકોટ,

મૂળ રાણાવાવના અમરદળ ગામના વતની અને હાલ રાજકોટમાં રહેતા યુવકનું બેડી હડમતીયા રોડ ઉપર બિલેશ્વર રેલવે સ્ટેશન નજીક ટ્રેન હડફેટે મોત નીપજતા પરિવારમાં કરુણ કલ્પાંત સર્જાયો છે. ઘટના અકસ્માતે બની કે આપઘાતની છે તે જાણવા પોલીસે તપાસનો દોર લંબાવ્યો છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મૂળ રાણાવાવ તાલુકાના અમરદળ ગામના વતની અને હાલ રાજકોટમાં પારેવડી ચોકમાં રહેતા દેવા ધનાભાઈ રાઠોડ નામનો ૩૫ વર્ષનો યુવાન બેડી હડમતીયા રોડ ઉપર આવેલા બિલેશ્વર રેલવે સ્ટેશન પાસે હતો ત્યારે ટ્રેનની ઠોકરે ચડી જતા મોત નીપજ્યું હતું ઘટના અંગે જાણ થતા તાત્કાલિક પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક દેવાભાઈ રાઠોડ બે ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતો અને તેને સંતાનમાં એક પુત્રી છે દેવાભાઈ રાઠોડ જેસીબીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો આ ઘટના અકસ્માતની છે કે પછી આપઘાતની તે જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટમાં મનપાની ફુડ શાખાના દરોડા : મસાલા, પનીર,શુધ્ધ ઘી સહિત ૪ નમૂના લેવાયા

### ૨૨ ધંધાર્થીને ત્યાં ખાણીપીણીના ચેકીંગ : ૪ વેપારીને લાઈસન્સ મેળવવા સૂચના

રાજકોટ,

મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના ક્રિસ્ટલ મોલ થી આકાશવાણી ચોક વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૪ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૯ નમૂનાની સ્થળ પર ચકાસણી કરી હતી. આ અંગે મનપાએ સત્તાવાર યાદીમાં જણાવાયુ છે.ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના ક્રિસ્ટકલ મોલ થી આકાશવાણી ચોક વિસ્તાભરમાં આવેલ જલારામ



ખમણ, શ્રી બાલાજી ઘૂઘરા, ગાંધી સોડા તથા શુભ બ્રેકફાસ્ટ સહિત ૪ને -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી.

જ્યારે રાજ સેન્ડવીચ, નેશનલ ચાઈનીઝ પંજાબી સેન્ડવીચ, શંકરવિજય ડેરી ફાર્મ, પટેલ ડાઈનીંગ હોલ, શિવ ઢોસા પાઉંભાજી, કળશ કાફે, સંતુષ્ટિ શેક, ટી સ્ટેશન, સંતુષ્ટિ શેક (યાજ્ઞિક રોડ વાળા), પાંડેજી, વર્લ્ડ ઓફ વેફલ્સો, જય ભવાની વડાપાઉં, ઢોસા હબ, ૨૨ પેરેલ, જલારામ આલ્પાહાર, જોગમાયા આલ્પાળહાર, ટ્વીલાઈટ સોડાની ચકાસણી કરવામાં આવેલ.

ફૂડ વિભાગ દ્વારા ફુડ સેફ્ટી સસ્ટાપન્ડાર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ શ્રી ખોડિયાર સેલ્સ એંજન્સી, બાપુનગર, જીલ્લા ગાર્ડન રોડ, શેરી નં.૪માંથી, પનીર તુફાની (પ્રિપેર્ડ સબ્જીક-લુઝ): સાસુજી કા ઢાબા, આલાબાઈનો ભઠ્ઠો, મહિલા કોલેજ ચોક, કિશાનપરા રોડ, પરથી તથા શુધ્ધ ઘી (લુઝ): ક્રિષ્ના ડેરી ફાર્મ, અંકુરનગર મે. રોડ, વદાવન સોસાયટી શેરી નં.૪, મવડી સહિત સ્થળોએથી નમૂના લેવામાં આવ્યા છે.

## રાજકોટના શાપર-વેરાવળના બુટલેગર પાસામાં ધકેલાયો

રાજકોટ,

રાજકોટ ગ્રામ્યર જીલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠૌડની સુચનાથી એલ.સી.બી. શાખા રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ. વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ (શાપર (વે.) પો.સ્ટેસ.ના પો.સબ ઈન્સી. આર.કે.ગોહીલ તથા શ્રી જી.બી.જાડેજાએ શાપર (વે.) પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહી પોતાના આર્થીક લાભ માટે ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો બહારના રાજયમાંથી મંગાવી વેચાણ કરતા બુટલેગર રોહીત રમેશભાઇ રામદાસભાઇ કાપડી (ઉ.વ.૨૧) રહે. હાલ વેરાવળ (શા.) હાઉસીંગ બોર્ડ સોસાયટી, શીવજીના મંદીર પાસેને પાસામાં ધકેલવાની દરખાસ્ત કરતા જીલ્લા કલેકટરે પાસાનું વોરંટ ઈસ્યુ કરતા રોહીતને પાસા તળે અમદાવાદ જેલમાં ધકેલી દેવાયો હતો.

આ કાર્યવાહી એલસીબી શાખાના એએસઆઇ બાલકૃષ્ણ ભાઇ ત્રીવેદી, અમીતસિંહ જાડેજા તથા શાપર (વે) પો.સ્ટે?.ના એએસઆઇ વિરભદ્રસિંહ વાઘેલા, પો.હેડ કોન્સ). ક્રિપાલસિંહ રાણા, મહેન્દ્ર ભાઈધાંધલ, તુષારસિંહ જાડેજા, પ્રહલાદસિંહ રાઠોડ, ખીમજીભાઇ હુણ, મયુરસિંહ જાડેજા, ઉપેન્દ્ર સિંહ ગોહીલ, લગધીરસિંહ જાડેજા તથા અલ્પેશભાઇ ડામસીયા દ્વારા કરવામાં આવેલ છે.

## રાજકોટના આજી ડેમમાં ડૂબી જતાં યુવાનનું મોત : મૃતદેહ મળ્યો

### યુવતીને તરતા શીખડાવવા જતાં બંન્ને ડૂબ્યા હતા : યુવતીને લોકોએ બચાવી લીધી

રાજકોટ,

રાજકોટની ભાગોળે આવેલ આજીડેમમાં ગઈકાલે સાંજે દંપતિ ડૂબી ગયાની જાણ થતાં લોકોનું ટોળુ ઘટના સ્થળે એકત્રીત થયું હતું અને આજીડેમમાં ડુબી રહેલી યુવતિને બચાવી લઈ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડી હતી જ્યારે યુવાન ઉંડા પાણીમાં લાપતા થઈ જતાં ફાયર બ્રિગેડના જાણ કરવામાં આવી હતી. ૨૪ કલાક સુધી સોધખોળ બાદ બપોરે યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતિને તરતા શીખવાડવા જતાં યુવાને જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટના અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ



નજીક આવેલ આજીડેમમાં ગઈકાલે સાંજે આર.કે. નગરના ગેઈટ પાસે યુગલ પાણીમાં ડૂબી રહી હોવાની જાણ થતા ઘટના સ્થળે લોકો એકઠા થઈ ગયા હતા અને ડેમમાં ડૂબી રહેલી યુવતિને બચાવી લઈ બેભાન હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડી હતી જ્યારે યુવતિની સાથે રહેલો યુવાન ઉંડા પાણીમાં ગરક થઈ ગયો હતો.

આ બનાવની ફાયર બ્રિગેડને જાણ થતા તાત્કાલીક ઘટનાસ્થળે દોડી જઈ ડેમમાં ડૂબી ગયેલા યુવાનની શોધખોળ શરૂ કરી હતી ૨૪ કલાક પછી આજે બપોરે યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો પોલીસની તપાસમાં જિલ્લા ગાર્ડન પાસે રહેતા અરવિંદ કેશુભાઈ ચાવડા નામના યુવાન હોવાનું બહાર આવ્યું છે.

પોલીસની તપાસમાં રૈયાધાર પાસે રહેતી હિનાબેન અરવિંદ ચૌહાણ ઉ.વ.૪૦ નામની યુવતિએ ચાર વર્ષ પહેલા જિલ્લા ગાર્ડન પાસે રહેતા અરવિંદ ચાવડા સાથે મૈત્રી કરાર કર્યો હતો અને અરવિંદ ચાવડા અવાર નવાર તેના ઘરે આવતો જતો હતો ગઈકાલે અરવિંદ ચાવડાઘરે આવ્યા બાદ હિનાબેનને તરતા શીખવાડવાનું કહી આજીડેમે લઈ ગયો હતો જ્યાં તરતા શીખવાડતી વખતે જ અરવિંદ ચાવડા ઉંડા પાણીમાં ગરક થઈ ગયો હોવાનું હિનાબેને પોલીસને જણાવ્યું છે.

## સસ્તા અનાજના દુકાનદારોનું આંદોલનનું રણશીંગુ:રાજ્યની ૧૭ હજાર દુકાનોમાં જથ્થો અપૂરતો-અનિયમિત પહોંચે છે

રાજકોટ:

રાજકોટમાં ૭૫૦ સહિત રાજયભરમાં ૧૭,૦૦૦ સસ્તા અનાજના દુકાનદારો છે. જ્યાં સસ્તા અનાજનો અધૂરો અને અનિયમિત જથ્થો પહોચાડવામાં આવતા સસ્તા અનાજના દુકાનદારોએ રાજ્યના પુરવઠા મંત્રીને રજૂઆત કરી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, એડવાન્સ જથ્થાની પરમિટ સમયસર જનરેટ થતી નથી. નાગરિક પુરવઠા નિગમમાં એમડી કાયમીને બદલે ચાર્જમાં છે. એક જિલ્લામાં ફૂડ સેફ્ટીની તપાસણીમાં ફેઈલ થયેલો જથ્થો અન્ય જિલ્લામાં પાસ કરાવી વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત ઘઉં-ચોખામાં નિયત વજન મળતું નથી. તહેવારો તેમજ લોકસભાની ચૂંટણી વખતે જ પુરવઠાનો પૂરતો જથ્થો ન ફાળવવામાં આવતા સરકાર સામેનો રોસ વધી જાય છે. ત્યારે જો ઉપરોક્ત તમામ મુદ્દાઓનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો ચૂંટણી બાદ સરકાર સામે



આશ્ચર્યજનક આંદોલન કરવામાં આવશે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હાલમાં ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશન પૂરવઠા નિયામકને રજૂઆત કરવા માટે ગાંધીનગર વડી કચેરીએ ગયા છે.ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશન દ્વારા અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાને લેખિત રજૂઆત કરતા જણાવ્યુ હતું કે, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થો આપવાનું કાર્ય ગુજરાતના લગભગ ૧૭,૦૦૦ સસ્તા અનાજના દુકાનદારો બેખૂબીથી નિભાવી રહ્યા છે. આ દુકાનદારોને દુકાન ચલાવતા પડતી વિવિધ મુશ્કેલીઓ અને તેમના વ્યાજબી પ્રશ્નો અને માગણીઓને સરકારમાં વાચા આપવા માટેનું કાર્ય ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશન (કે જે ટ્રેડ યુનિયન એક્ટ ૧૯૨૬ તારીખ ૧૨-૧૦-૨૦૧૯ના રોજ રજીસ્ટ્રેશન નંબર જી ૬૬૫૨થી નોંધાયેલ છે) કરી રહ્યું છે. પરંતુ અનેક રજૂઆતો છતાં દુકાનદારોની સ્થિતિ આજે પણ દયનીય છે.રજૂઆતમાં જણાવ્યું હતુ કે, પૂરવઠા નિગમ છેલ્લા ૪ વર્ષથી તેની નૈતિક અને કાયદાકીય જવાબદારી નિભાવમાં સંપૂર્ણ નિષ્ફળ ગયેલ છે. ગુજરાતનો દુકાનદાર આજની તારીખે પુરવઠા નિગમના પાપે ઘણી બધી યાતનાઓ ભોગવી રહ્યો છે. ૨૦૧૮થી આધાર આધારિત વિતરણનો નિયમ અમલમાં લાવતા દુકાનદારોને મળતા જથ્થાની સાયકલ ૪૫ દિવસની કરવામાં આવી હતી અને એ મુજબ આ કામગીરી સરળતાથી ચાલતી હતી. પરંતુ નાગરિક પુરવઠા નિગમમાં એમડી તરીકે કાયમી અધિકારીના બદલે લાંબા સમયથી ચાર્જમાં નિમણૂક આપીને નિગમનો વહીવટ ચલાવવામાં આવતો હોવાથી નિગમ તેની જવાબદારી સમયસર પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું છે. એક બાજુ લાંબા સમયથી એસોસિએશન જથ્થાની ૩૦ દિવસની સાઈકલ માટે સતત રજૂઆત કરી રહ્યું છે.

## રાજકોટમાં ૭૭ વેપારીઓ પાસેથી ૬.૧૪કિલો પ્લાસ્ટિક જપ્ત ગંદકી-પ્રતિબંધિત પ્લાસ્ટિક બદલ રૂ. ૨૧.૯૫૦નો દંડ ફટકાર્યો

રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ૨૦૨૧ અન્વયે આજ રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૫/૦૪/૨૦૨૪ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૭૭ આસામીઓ પાસેથી ૬.૧૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૧૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૨.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત



કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૭૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૨ આસામીઓ પાસેથી ૩.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૨ આસામીઓ પાસેથી ૦.૫૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા પ્રિ-મોન્સૂન વોકળા સફાઈ અંતર્ગત તા.૨૪-૦૪-૨૦૨૪ના રોજ વોર્ડ નં.૧, ૩, ૪, ૭, ૧૦ અને ૧૫માં આવેલ વોંકળાની સફાઈ કરવામાં આવી હતી.

## રાજકોટમાં હાર્ટ એટેકના વધુ બે બનાવોમાં બેનાં મોત

### લગ્ન પ્રસંગમાં આવેલા મહેમાનનું હૃદય ધબકારા ચૂકી ગયું

રાજકોટ, રાજકોટમાં હાર્ટ એટેકની વધુ બે ઘટનામાં રાણાવાવથી રાજકોટ દોહિત્રના લગ્ન પ્રસંગમાં આવેલા વૃધ્ધનું હૃદય બેસી જતાં મૃત્યુ થયું હતું. તો મુંજકામાં રહેતાં બેતાલીસ વર્ષના યુવાનનું સવારે એકાએક છાતીમાં દબાણ થયા બાદ મૃત્યુ નિપજતાં બંનેના પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

આ બનાવ અંગે પોલિસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાણાવાવ રેલ્વે ક્વાર્ટરમાં રહેતાં કિશોરભાઈ નાથાભાઈ પરમાર (ઉ.વ.૬૮)ના દિકરી રમીલાબેન મહેશભાઈ મોરબીયા જે રાજકોટ ધરમ સિનેમા પાછળ સરકારી આવાસમાં રહે છે તેણીના દિકરાના લગ્ન હોઈ તેમાં હાજરી આપવા આવ્યા હતાં. ગઈકાલે માંડવાનો પ્રસંગ હતો અને આજે રાજકોટમાં જ જાન જવાની હતી. રાતે સાડા બારેક : વાગ્યે કિશોરભાઈને એકાએક છાતીમાં દુઃખાવો થતાં બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

બીજા બનાવમાં રાજકોટના મુંજકામાં રહેતાં જીગરભાઈ ભરતભાઈ મકવાણા (ઉ.વ.૪૨) સવારે ઘરે હતાં ત્યારે એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતાં બેભાન થઈ જતાં ૧૦૮ બોલાવી સિવિલ હોસ્પિટલમાં – ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત જાહેર કરવામાં આવતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

## જુનાગઢમાં વાહનોમાંથી બેટરી ચોરનાર ધોરાજીનો શખ્સ ઝડપાયો

જુનાગઢ,જુનાગઢ સી ડીવીઝન પો.સ્ટે. હદ વિસતારમાં સુરજ ફનવર્ડ પાસે ફરીયાદીની પ્યાગો રિક્ષા રજી.નં.જીજે-૨૩-એકસ-૮૮૭૦ વાળીમાંથી એક્ષાઇડ કંપનીની લાલ કલરની બેટરી નંગ-૧ કિ.રૂ.૬૨૦૦/- તથા બહાઉદ્દીન કોલેજ રોડ ઉપર પ્રમુખ જ્વેષલસ પાસે સાહેદ હુશેનભાઇ મહમદભાઇ ઠેબાની અશોક લેલન વાહનની પાવરઝોન કંપનીની કાળા કલરની બેટરી નંગ-૧ જેની આશરે કિ.રૂ.૩૫૦૦/- મળી કુલ બેટરી નંગ-૨ કિ.રૂ.૯૭૦૦/- ની ચોરી થયેલ ઉપરોકત ગુન્હાના કામે વાહનની બેટરીઓની ચોરી કરેલ ઇસમ એક અતુલ જેમ રીક્ષા રજી.નં.જીજે-૦૧-ટીબી-૦૯૨૨ વાળી લઇને જુનાગઢ સરદારબાગની અંદર કેન્ટી નની પાછળના ભાગે ઉભેલ છે. જેથી ઉપરોકત હકિકત વાળી રીક્ષા સાથે એક



ઈસમને પકડી તેની પુછપરછ કરતા પોતે કબુલાત આપતો હોય. જેથી મજકુર-મહમદ ઇકબાલભાઇ સિપાઇ (ઉ.વ.૪૩) ધંધો. રિ.ડ્રા., રહે.ધોરાજી બહારપુરા વોરાવાડ, મસ્જીહદ પાસે તા.ધોરાજી વાળાને અટક કરી ગુન્હા.માં ચોરી થયેલ બેટરી નંગ-૨ કિ.રૂ.૯૭૦૦/- તથા અતુલ જેમ રીક્ષા કિ.રૂ.૫૦,૦૦૦/- નો મુદામાલ ગુન્હા ના કામે કબજે કરી તેમજ મજકુર ઈસમ પાસેથી તપાસ કરતા અન્યમ કુલ બેટરી નંગ-૩ મળી આવેલ જે પોતે જુનાગઢ શહેરમાં ભવનાથ વિસ્તારરમાંથી તેમજ સુરજ ફનવર્ડ સામે બહાઉદીન કોલેજ રોડ ઉપર અલગ અલગ રિક્ષાઓ માંથી ચોરી કરેલાની કબુલાત આપતો હોય જેથી ઉપરોકત બેટરી નંગ-૩ કિ.રૂ.૧૧,૦૦૦/- નો મુદામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સી ડીવીઝન પોલીસ સ્ટેશનનો ઉપરોકત ચોરીનો અનડીટેકટ ગુન્હાનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલવામાં આવેલ છે.

આ કામગીરી આર.પી. વણઝારા, પી.એચ. મારૂ, એન.આર. ભેટારીયા, દિલીપભાઇ ડાંગર, કરણસિંહ ઝણકાત, મનીષભાઇ હુંબલ, સંજયસિંહ ચૌહાણ, હરસુખભાઇ સિસોદીયા, હાર્દિકસિંહ સીસોદીયા, રૂપલબેન છૈયા એ કરી હતી